॥ नमो नमो निम्मलदंसणस्स ॥

# આગમસૂત્ર

## સટીક અનુવાદ

૧૫

અનુવાદ શ્રેણી સર્જક -

**મુનિ દીપરત્નસાગર**

બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ
नमो नमो निम्मलदंसणस्स
પ.પૂ. શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ

# આગમસટીક અનુવાદ

## ઉપાશકદશા, અંતકૃત્‌દશા
## અનુત્તરોપપાતિકદશા, પ્રશ્નવ્યાકરણ


-: અનુવાદ-શ્રેણીના સર્જક :-

## મુનિ દીપરત્નસાગર


તા. ૨૩/૧૦/૨૦૦૯ શુક્રવાર ૨૦૬૬ કા.સુ.૫

આગમ સટીક અનુવાદ
ભાગ ૧ થી ૪૨ સંપૂર્ણ
મૂલ્ય-રૂા-૧૦,૦૦૦


૦ શ્રી શ્રુત પ્રકાશન નિધિ ૦

સંપર્ક સ્થળ

આગમ આરાધના કેન્દ્ર, શીતલનાથ સોસાયટી
ફ્લેટ નં. ૧૩, ચોથે માળે, વ્હાઈ સેન્ટર,
ખાનપુર, અમદાવાદ.






# આગમ સટીક અનુવાદના
## આ ભાગ - ૧૫ માં છે...

૦ ચાર અંગસૂત્રો-સંપૂર્ણ...

—૧— ઉપાસકદશા - અંગસૂત્ર-૭-ના

—૨— અંતકૃત્‌દશા - અંગસૂત્ર-૮

—3— અનુત્તરોપપાતિક૦ - અંગસૂત્ર-૯

—૪— પ્રશ્ન વ્યાકરણ - અંગસૂત્ર-૧૦

-- x -- x -- x -- x -- x -- x -- x --


-: ટાઈપ સેટીંગ :-
શ્રી મહાકાલી એન્ટરપ્રાઈઝ
ચાંદલોડિયા, અમદાવાદ.
(M) 9824419736

-: મુદ્રક :-
નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ
ઘીકાંટા રોડ, અમદાવાદ.
Tel. 079-25508631

## ૦ વંદના એ મહાન્ આત્માને ૦

વિક્રમ સંવત-૨૦૬૧માં ફાગણસુદ-૩ નો દિવસ અને મંગલપારેખના ખાંચામાં શ્રી શાંતિનાથ પરમાત્માની વર્ષગાંઠનો પ્રસંગ, અતિભવ્ય અને ઘણી જ લાંબી રથયાત્રાના પ્રયાણની ઘડીએ, આગમોના ટીકા સહિતના અનુવાદ કરવા માટેની મનોભાવનાનું જેમના મુખેથી વચન પ્રાગટ્ય થયું, અંતરના આશીર્વાદ, સૂરિમંત્રથી અભિમંત્રિત વાસ ચૂર્ણનો ક્ષેપ અને ધનરાશિની જવાબદારીના યથાશક્ય સ્વીકાર સહ જેમની કાર્ય પ્રેરણાની સરવાણીમાં ભીંજાતા મારા ચિત્તે આશિર્ષ અનેરો હર્ષોલ્લાસ અનુભવ્યો. જેમની હયાતી દરમ્યાન કે હયાતી બાદ પણ, જેમના નામસ્મરણ માત્રથી આ કાર્ય વિઘ્નરહિતપણે મૂર્ત સ્વરૂપને પામ્યું, એવા...

**પૂજ્ય આચાર્યશ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજી મ૦ ના**

**ચરણ કમળમાં સાદર કોટીશઃ વંદના**

## ૦ કેમ ભૂલાય એ ગુરુદેવને પણ ? ૦

ચારિત્ર પ્રતિ અંતરંગ પ્રીતિથી યુક્ત, અનેક આત્માઓને પ્રવ્રજ્યા માર્ગે પ્રયાણ કરાવનાર, સંયમમૂર્તિ, પ્રતિ વર્ષ ઉપધાન તપ વડે શ્રાવકધર્મના દીક્ષા દાતા, શારીરિક સમસ્યાઓ વચ્ચે પણ બંને શાશ્વતી ઓળીની આરાધનાને ન ચૂકનારા, સાગર સમુદાયમાં ગચ્છાધિપતિ પદને શોભાવનારા અને સમર્થ શિષ્ય પરિવારયુક્ત એવા મહાન વિભૂતિરત્ન–

**પૂજ્ય આચાર્યશ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ૦**

જેમના આજીવન અંતેવાસી, શાસનપ્રભાવક

**પૂજ્ય આચાર્યશ્રી હર્ષસાગરસૂરિજી મ.સા.**

જેમણે આ અનુવાદ કાર્ય માટે ઘણાં વર્ષો પૂર્વે પ્રેરણા કરેલી અને આ કાર્ય સાદ્યંત પાર પહોંચાડવા માટે વિપુલ ધનરાશિ મોકલાવી.

*ઉક્ત બંને આચાર્ય ભગવંતોની અસીમ કૃપા અને તેઓ દ્વારા પ્રેરિત સંઘો થકી થયેલ ધનવર્ષાના બળે પ્રસ્તુત કાર્ય મૂર્તસ્વરૂપ પામ્યું.*



**આગમ સટીક અનુવાદના**

**આ ભાગ ૧૫ ની**

**સંપૂર્ણ દ્રવ્ય સહાયના પ્રેરણાદાતાશ્રી**

**પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવેશ શ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ.ના શિષ્ય**

***પૂજ્ય આચાર્યશ્રી હર્ષસાગરસૂરિજી મ.***

**તેઓશ્રીની પ્રેરણાથી લાભલેનાર**

**શ્રી અઠવાલાઈન્સ જૈન શ્વે.મૂ.પૂ.સંઘ**

**તથા શ્રી શેઠ ફૂલચંદ કલ્યાણચંદ ટ્રસ્ટ**

**સુરત**

# અનુદાન દાતા

**આગમ સટીક અનુવાદના કોઈ એક ભાગના સંપૂર્ણ સહાયદાતા**

સચ્ચારિત્ર ચુડામણી પૂજ્ય ગચ્છાધિપતિ સ્વ૰ આચાર્યદેવ
શ્રીમદ્ દેવેન્દ્રસાગરસૂરીશ્વરજીના આજીવન અંતેવાસી
**સદ્ગુણાનુરાગી પૂજ્ય આ૰દેવશ્રી હર્ષસાગરસૂરિજી મ.ની**
જ્ઞાનઅનુમોદક પ્રેરણાથી પ્રેરિત
શ્રી અઠવાલાઈન્સ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ
તથા શ્રી શેઠ ફૂલચંદ કલ્યાણચંદ ઝવેરી ટ્રસ્ટ, સુરત.
**૧૬ ભાગોના સંપૂર્ણ સહાયક થયેલ છે.**

**પરમપૂજ્ય સરળ સ્વભાવી, ભદ્રિક પરિણામી, શ્રુતાનુરાગી**
**સ્વ૰ આચાર્યદેવશ્રી વિજય ઋચકચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની**

પુનિત પ્રેરણાથી ૧૦ ભાગો માટે
નીચેના સંઘો સહાયક થયા છે.

(૧) શ્રી મંગલપારેખનો ખાંચો, જૈનસંઘ, અમદાવાદ — બે ભાગ.
(૨) શ્રી ભાવનગર જૈન શ્વે૰મૂ.પૂ. સંઘ, ભાવનગર — બે ભાગ.
(૩) શ્રી આદિનાથ જૈન શ્વે૰ મૂ.પૂ. સંઘ, નવસારી — બે ભાગ.
(૪) શ્રી ગિરિરાજ સોસાયટી આદિનાથ જૈન સંઘ, બોટાદ — બે ભાગ.
(૫) શ્રી જૈન શ્વે૰ મૂ.પૂ. તપાગચ્છ સંઘ, બોટાદ — એક ભાગ.
(૬) શ્રી પાર્શ્વભક્તિધામ જૈન ધાર્મિક ટ્રસ્ટ, તણસા — એક ભાગ.

*[પરમપૂજ્ય આચાર્યદેવ શ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજીની પ્રેરણાથી તેમના સમુદાયવર્તી શ્રમણીવર્યાઓ તરફથી પ્રાપ્ત સહાયની નોંધ આગળ છે.]*

સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદિવેશ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી વૈયાવચ્ચ પરાયણ **પંન્યાસ પ્રવર શ્રી વજ્રસેનવિજયજી મ.સા.**ની પ્રેરણાથી એક ભાગ- શ્રી હાલારતીર્થ આરાધના ધામ, વડાલિયા, સીંહણ, તરફથી

આગમ સટીક અનુવાદ શ્રેણીના સર્જક **મુનિશ્રી દીપરત્નસાગરજી**ની પ્રેરણાથી આ બે દાતાઓએ મળીને એક ભાગ માટે સહાય કરી છે.

(૧) શ્રી જૈન શ્વે૦ મૂર્તિ૦ સંઘ, થાનગઢ

(૨) શાહ હંજારીમલજી ભૂરમલજી, કર્નૂલ.

**પૂ૦પૂ૦ ક્રિયારૂચિવંત, પ્રભાવક, આદેય નામકર્મધર સ્વર્ગસ્થ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ઋચકચંદ્રસૂરીશ્વરજીથી પ્રેરિત પુન્યવંતી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત અનુદાનો**

૧- વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ભક્તિસૂરીશ્વરજી સમુદાયવર્તી મિલનસાર **સાધ્વીશ્રી સૌમ્યપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી ત્રણ ભાગો માટેની દ્રવ્ય સહાય પ્રાપ્ત થઈ છે, તે આ પ્રમાણે—

- (૧) શ્રી કારેલીબાગ, શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ, વડોદરા.
- (૨) શ્રી કારેલીબાગ, જૈન સંઘની શ્રાવિકા બહેનો, વડોદરા.
- (૩) શ્રી ભગવાન નગરનો ટેકરો, જૈનસંઘ, અમદાવાદ.

૨- સુવિશાળ પરિવારયુક્તા **સાધ્વીશ્રી ભાવપૂર્ણાશ્રીજી** મ૦ની પ્રેરણાથી "શ્રી ક્ષેત્રપાલ ભક્તિ ટ્રસ્ટ" - નવસારી તરફથી.

૩- વર્ધમાન તપોનિધિ પૂજ્ય આચાર્યદેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૦ના સમુદાયવર્તી **પ.પૂ. સાધ્વીશ્રી ધ્યાનરસાશ્રીજી તથા સાધ્વીશ્રી પ્રફુલ્લિતાશ્રીજી**ની પ્રેરણાથી -

"શ્રી માંગરોળ જૈન શ્વે૦ તપ૦ સંઘ, માંગરોળ - તરફથી.

૪- પરમપૂજ્યા જયશ્રીજી-લાવણ્યશ્રીજી મ૦ના પરિવારવર્તીની **સાધ્વીશ્રી સત્યાનંદશ્રીજી મ.સા.**ની પુનિત પ્રેરણાથી
"શ્રી ગાંધીનગર જૈન સંઘ, બેંગલોર - તરફથી."

૫- પરમપૂજ્ય ક્રિયારૂચીવંત આ૦દેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૦ના સમુદાયવર્તી **શ્રમણીવર્યા મોક્ષનંદિતાશ્રીજી** મ૦ની પ્રેરણાથી
"શ્રી વલ્લભનગર જૈન શ્વે૦મૂ૦પૂ૦ સંઘ, વલ્લભનગર, ઈન્દૌર

**પરમપૂજ્ય આગમોદ્ધારક, સામાચારી સંરક્ષક, બહુશ્રુત આચાર્યદેવ આનંદસાગરસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી શ્રુત અનુરાગીણી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત સહાયો.**

(૧) પરમપૂજ્યા નીડરવક્તા **સાધ્વીશ્રી ચંદ્રયશાશ્રીજી** મ૦થી પ્રેરિત
-૧- શ્રી ત્રિલોકપદ્મ ચિંતામણિધામ જૈન સંઘ, અંધેરી, મુંબઈ.
-૨- શ્રી મહાવીરનગર જૈન દહેરાસરજી ટ્રસ્ટ, નવસારી.

(૨) અપ્રતિમ વૈયાવૃત્ત્યકારિકા પ.પૂ. મલય-પ્રગુણાશ્રીજી મ૦ના શિષ્યા સુસંવાદી પરિવારયુક્તા **સાધ્વીશ્રી પ્રશમશીલાશ્રીજી** મ૦ના શ્રુતાનુરાગી શિષ્યા સા૦શ્રી પ્રશમરત્નાશ્રીજીની પ્રેરણાથી-
"શ્રી શ્વેતાંબર જૈન તપાગચ્છ સંઘ," વાંકાનેર.

(૩) પરમપૂજ્યા માતૃહૃદયા **સાધ્વીશ્રી અમિતગુણાશ્રીજી** મ.ની પ્રેરણાથી
- "શ્રી આદિનાથ જૈન શ્વે૦ સંઘ," ભોપાલ.

(૪) પરમપૂજ્યા વર્ધમાનતપસાધિકા, શતાવધાની **સાધ્વીશ્રી અમિત-ગુણાશ્રીજી** મ.ની પ્રેરણાથી-૧૦૦ ઓળીની પૂર્ણાહૂતિ નિમિત્તે
"કરચેલીયા જૈન શ્વે૦ મહાજન પેઢી," કરચેલીયા, સુરત.

(૫) શ્રમણીવર્યા ભક્તિરસિક પૂજ્ય મલયાશ્રીજી મ૦ના વ્યવરદક્ષ શિષ્યા **સાધ્વીશ્રી હિતજ્ઞાશ્રીજી** મ૦ની પ્રેરણાથી
"શ્રી જૈન મરચન્ટ સંઘની શ્રાવિકા બહેનો, અમદાવાદ.

(૬) પરમપૂજ્યા મલય-કૈવલ્ય-ભવ્યાનંદશ્રીજી મ૦ના સુવિનિતા મિષ્ટ ભાષી, તપસ્વીરત્ના **સાધ્વીશ્રી પૂર્ણપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી
"સર્વોદય પાર્શ્વનાથ ચેરિટેબલ ટ્રસ્ટ," મુંબઈ

## આગમ-સટીક અનુવાદ સહાયકો

(૧) પ.પૂ. ભગવતીજી દેશનાદક્ષ **આ૦દેવશ્રી નરદેવસાગરસૂરિજી મ૦સા૦**ની પ્રેરણાથી - "શ્રી વિશાશ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ," જામનગર.

(૨) વર્ધમાન તપોનિધિ પૂજ્ય આ.દેવ **શ્રી વિજય પ્રભાકરસૂરીશ્વરજી મ૦** ની પ્રેરણાથી – "અભિનવ જૈન શ્વે૦મૂ૦પૂ૦ સંઘ," અમદાવાદ.

(૩) શ્રુતસંશોધનરસિક પૂજ્ય **આ૦દેવશ્રી મુનિચંદ્રસૂરિજી** મ૦ની પ્રેરણાથી – "શ્રી વિજયભદ્ર ચેરિટેબલ ટ્રસ્ટ," ભીલડીયાજી.

(૪) પ.પૂ. જયલાવણ્યશ્રીજી મ૦સા૦ના સુશિષ્યા **સા૦ સૂર્યપ્રભાશ્રીજી** મ૦ની પ્રેરણાથી – "શ્રી ભગવતીનગર ઉપાશ્રયની બહેનો," અમદાવાદ.

(૫) પરમપૂજ્યા વરધર્માશ્રીજી મ૦ના શિષ્યા તપસ્વીરત્ના **સાધ્વીશ્રી પ્રીતિધર્માશ્રીજી** મ૦ની પાવન પ્રેરણાથી.
- (૧) શ્રી પાર્શ્વભક્તિ શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ, ડોંબીવલી.
- (૨) શ્રી રાજાજી રોડ શ્વે૦મૂ૦પૂ૦ તપા૦ જૈન સંઘ, ડોંબીવલી.

(૬) સ્વનામધન્યા **શ્રમણીવર્યાશ્રી સૌમ્યગુણાશ્રીજી** મ૦ની પ્રેરણાથી.
"શ્રી પરમ આનંદ શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ," પાલડી, અમદાવાદ.

**મુનિ દીપરત્નસાગરજી દ્વારા પ્રકાશિત સાહિત્ય-એક ઝલક**
**કુલ પ્રકાશનોનો અંક-૩૦૧**

## ૧-आगमसुत्ताणि-मूलं

**૪૯-પ્રકાશનો**

આ સંપુટમાં મૂળ આગમો છે. જેમાં ૪૫ આગમો ૪૫ અલગ-અલગ પુસ્તકોમાં મુદ્રિત કરાવાયેલ છે. ચાર વૈકલ્પિક આગમો પણ તેમાં સમાવાઈ ગયેલ છે. એ રીતે ૪૫ + ૪ કુલ (૪૯) આગમોનું આ સંપુટમાં સંપાદન છે. તેમજ પ્રત્યેક સૂત્રને અંતે પૂજ્ય સાગરાનંદસૂરિશ્વરજી સંપાદિત આગમો તથા તેની વૃત્તિના અંકો પણ ટાંક્યા છે.

અમારા આ પ્રકાશનમાં શ્રુતસ્કંધ, શતક/અધ્યયન/વક્ષસ્કાર/પદ, પ્રતિપત્તિ, ઉદ્દેશક, સૂત્ર/ગાથા આદિ સ્પષ્ટતયા જુદા નજરે પડે તેવી વિશિષ્ટ મુદ્રણકલાને પ્રયોજેલ છે. પુસ્તકો અલગ-અલગ અને નાના કદના હોવાથી વાંચન કે કંઠસ્થ કરવાની અતિ સરળતા રહે છે.

૪૫-આગમની પૂજા, પૂજન, રથયાત્રા કે શ્રી ગૌતમસ્વામી પૂજનાદિ માટે અલગ-અલગ પીસ્તાળીશ પુસ્તકો હોવાથી ગોઠવણી સરળ બને છે.

आगमसद्दकोसो, आगमनामकोसो, આગમવિષયદર્શન, આગમકથાનુયોગના મૂળ સંદર્ભ જોવા માટે આ પ્રકાશન વસાવવું જરૂરી જ છે. જેની કિંમત છે રૂા. ૧૫૦૦/ -દર્શન-પૂજન માટે આજીવન ઉપયોગી છે.

## ૨. આગમ-ગુજરાતી અનુવાદ

**૪૭-પ્રકાશનો**

આપણા મૂળ આગમો અર્ધમાગધી ભાષામાં છે. જેઓ ભાષાજ્ઞાનથી વંચિત છે, શાસ્ત્રીય કારણોથી આગમના અભ્યાસથી વંચિત રહ્યા છે, આગમોની વાંચના પ્રાપ્ત કરી શકતા નથી ઈત્યાદિ કારણે આગમિક પદાર્થોનું જ્ઞાન પામી શક્યા ન હોય તેવા ભવ્યાત્માઓ શ્રી કલ્પસૂત્ર માફક સરળતાથી આગમોનું વાંચન અને બોધ પ્રાપ્ત કરી શકે, તેમજ ભવભીરુ આત્માઓ પોતાનું જીવન માર્ગાનુસાર બનાવી શકે તેવું પ્રકાશન.

સાત ભાગોમાં સમાવિષ્ટ ૨૮૦૦ જેટલા પૃષ્ઠોમાં પીસ્તાળીશ આગમોનો અક્ષરશઃ અનુવાદ ધરાવતા આ "આગમદીપ" સંપુટમાં બીજા બે વૈકલ્પિક આગમોનું ગુજરાતી પણ આપેલ જ છે.

અંદાજે ૯૦,૦૦૦ શ્લોક પ્રમાણ મૂળ આગમનો આ ગુજરાતી અનુવાદ રૂા. ૨૦૦૦/-ની કિંમતે ઉપલબ્ધ થઈ શકે છે. પણ હાલ તેની એક પણ નકલ બચેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની લોકપ્રિયતાનો પૂરાવો છે. અનેક પૂજ્યશ્રીએ આ ગુજરાતી અનુવાદનો સ્વાધ્યાયાદિ અર્થે ઉપયોગ કરેલો છે.

## ३. आगमसुत्ताणि-सटीकं

### ૪૬-પ્રકાશનો

જેઓને મૂળ આગમો વાંચ્યા પછી તેની વિસ્તૃત સમજ મેળવવી છે. તેમાં રહેલા પદાર્થોને ઊંડાણથી અવગાહવા છે, તેમાં રહેલા તત્ત્વો આધારિત કથા, દૃષ્ટાંત કે દ્રવ્યાનુયોગને જાણવો છે, તેવા વિશિષ્ટ જ્ઞાનપિપાસુ માટેનું અમારું આ ૧૩,૦૦૦ જેટલા પૃષ્ઠોમાં પથરાયેલ અને ત્રીશ ભાગોમાં વિભાજીત એવું દળદાર પ્રકાશન છે.

આ પ્રકાશનમાં મૂળ આગમો પર પ્રાપ્ત બધી જ નિર્યુક્તિઓ, ૩૯ આગમો પરની વૃત્તિ, શેષ આગમોની સંસ્કૃત છાયા, કેટલાંક ભાષ્યો તથા ચૂર્ણિઓ ઈત્યાદિ સર્વે વિવેચનોનો સમાવેશ કરાયેલ છે.

સૂત્રો અને ગાથાના સ્પષ્ટ અલગ વિભાજન, પ્રચુર પેરેગ્રાફસ, અધ્યયન, ઉદ્દેશક, સૂત્ર આદિની સુસ્પષ્ટ અલગ પેજ લાઈન તેમજ અમારા મૂળ અને અનુવાદિત આગમોમાં અપાયેલા ક્રમાંક મુજબના જ સૂત્ર ક્રમાંકન તથા વ્યવસ્થિત અનુક્રમણિકાને લીધે કોઈપણ પસંદિત ચોક્કસ વિષયવસ્તુ કે સમગ્ર અધ્યયનના વાંચનમાં સરળતા રહે તે રીતે આ સંપુટનું સંપાદન અને મુદ્રણ કરાયેલું છે.

આ પ્રકાશનના અભ્યાસમૂલ્ય અને સંશોધનક્ષેત્રે ઉપયોગિતા તેમજ સમગ્ર વિશ્વમાં આગમ પ્રકાશનની આવી એક જ માત્ર શ્રૃંખલા ઉપલબ્ધ હોવાને કારણે રૂા. ૧૧,૦૦૦/- મૂલ્ય હોવા છતાં તેની એક પણ નકલ સ્ટોકમાં રહેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની મહત્તા સાબિત કરે છે.

## ૪. આગમ-વિષય-દર્શન

આ એક એવું પ્રકાશન છે, જેમાં ૪૫-આગમોની વિશદ્રૂપે અનુક્રમણિકા અપાયેલ છે, છતાં તેના પૃષ્ઠો છે. — ૩૮૪.

પ્રત્યેક આગમના પ્રત્યેક સૂત્ર કે ગાથાના વિષયોને એ જ આગમોના સૂત્રોના ક્રમાંકન અનુસાર, અતીવ સુસ્પષ્ટ રૂપે અને પૃથક્-પૃથક્ સ્વરૂપે અપાયેલી આ અનુક્રમણિકાથી તમે તમારો મનગમતો-આવશ્યક કે તમારા સંશોધન અને લેખનને અનુરૂપ વિષય સહેલાઈથી પસંદ કરી શકો છો.

ગુજરાતી ભાષામાં તૈયાર કરાયેલ આ અનુક્રમણિકાથી તમે અમારા અનુવાદિત આગમોમાં તો મૂળ વિષય જોઈ જ શકો છો. તદુપરાંત મૂળ આગમો કે આગમસટીકં માં પણ તમારી પસંદગીનો વિષય શોધવો આ બૃહત્ અનુક્રમ પરથી ખૂબ જ સરળ છે.

રૂા. ૪૦૦/-ની કિંમતને લક્ષમાં ન લઈ તેનું ઉપયોગિતા મૂલ્ય સમજશો.

## ૫. आगमसद्दकोसो

### ૪-પ્રકાશનો

આ શબ્દકોશ - એટલે સંદર્ભસ્થળ નિર્દેશ સહિતની ''આગમ-ડીક્ષનેરી'' જેમાં તમને મળે છે મૂળ આગમમાંથી લેવાયેલા ૪૬,૦૦૦ શબ્દો અને તેના ૩,૭૫,૦૦૦ જેટલા આગમ સંદર્ભો સહિત મૂળ-અર્ધમાગધી શબ્દોના સંસ્કૃત અર્થ અને ગુજરાતી એક કે વધુ અર્થો.

ચાર ભાગોમાં સમાવિષ્ટ ૨૪૦૦ જેટલા પાનાઓનો આ પુસ્તકનો સેટ મેપલીથો કાગળ, પાકુ બાઈન્ડીંગ અને આકર્ષક મુખપૃષ્ઠ તો ધરાવે જ છે. પણ તમારે માટે તેની ઉપયોગિતા છે — अ થી ह પર્યંતનો કોઈપણ શબ્દ શોધવા માટે. ત્યાં ફક્ત શબ્દનો અર્થ જ જોઈને બેસી નથી રહેવાનું. પણ પીસ્તાળીશે પીસ્તાળીશ આગમોમાં આ શબ્દ જ્યાં જ્યાં વપરાયો હોય તે-તે બધાં સ્થાનોનો નિર્દેશ પણ મળશે જ - જેના દ્વારા એક જ શબ્દ જો જુદા જુદા સંદર્ભમાં વપરાયો હશે, તો તે ભિન્ન-ભિન્ન સંદર્ભયુક્ત અર્થ કે વ્યાખ્યા પણ જાણી શકાશે.

— વળી આવા સંદર્ભો જોવા માટે તમારે જુદા જુદા પ્રકાશનોના આગમોને ફેંદવાની કોઈ જરૂર નથી. તમે માત્ર અમારું आगमसुत्ताणि — સંપુટ સાથે રાખો. તમારે ઉપયોગી શબ્દો મૂળ આગમ કે આગમ-સટીકં માં મળી જ જવાના

## ૬. आगमनामकोसो

આગમ શબ્દકોશની એક પૂરક ડીક્ષનેરી તે આ ''આગમ નામકોશ''. આ પ્રકાશન આગમસટીકં માં આવતા નામો (કથાઓ)ની ડીક્ષનેરી છે. આ ડીક્ષનેરીમાં કથાના પાત્રોના નામો તો કક્કાવારી ક્રમમાં આપેલા જ છે. સાથે સાથે તે પાત્રો કે નામોનો સંક્ષિપ્ત પરિચય પણ છે.

તમારે મૂળ આગમ ઉપરાંત નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ કે વૃત્તિમાં જો આ નામ કે તે નામ સાથે સંકડાયેલ કથા કે દૃષ્ટાંત જાણવા છે તો અમારી ડીક્ષનેરીમાં તે-તે નામને અંતે નિર્દેશ કરાયેલ આગમ સંદર્ભ જોવો. આગમ સંદર્ભ જોતાં જ તમને તે સંદર્ભવાળા આગમનું નામ, પંચાંગીનો પ્રકાર અને સૂત્રક્રમ મળી જશે. જેના આધારે તમે તે કથા કે દૃષ્ટાંતનો સહેલાઈથી અભ્યાસ કરી શકશો.

આ નામકોશનું મહત્ત્વ તો ત્યારે જ સમજાય જ્યારે એક જ નામ ધરાવતા એકથી વધારે પાત્રોનો અલગ-અલગ પરીચય કે જુદી જુદી કથાઓ તમને જોવા મળે. તે પણ ફક્ત રૂા. ૨૦૦/-ની કિંમતમાં.

સંદર્ભ મુજબ કથા જોવા માટે અમારું आगमसुत्ताणि-सटीकं તો છે જ.

## ૭. आगमसूत्र हिन्दी अनुवाद

### ૪૭-પ્રકાશનો

મૂળ આગમના ૯૦,૦૦૦ જેટલાં શ્લોક પ્રમાણ સાહિત્યના મૂળ પ્રકાશન પછી જેમ તેનો ગુજરાતી અનુવાદ કર્યો, તેમ હિન્દી અનુવાદ પણ કર્યો. ફર્ક એટલો જ કે આ હિન્દી અનુવાદ બાર ભાગોમાં આશરે ૩૨૦૦ જેટલા પાનાઓમાં પથરાયેલો છે. ગુજરાતી અનુવાદ કરતા ૩૦૦થી પણ વધારે પૃષ્ઠો તેમાં ઉમેરાયા છે. જે ફક્ત કદની વૃદ્ધિ જ નથી, પણ અર્થવિસ્તાર અને પેરેગ્રાફોની પ્રચૂરતા પણ ધરાવે જ છે.

હિન્દીભાષી મહાત્માઓને પણ આગમના પદાર્થજ્ઞાનથી વંચિત ન રહેવું પડે તે આશયથી તૈયાર કરાયેલ આ આગમસૂત્ર હિન્દી અનુવાદ હિન્દી ભાષાની સમૃદ્ધિ અને સાહિત્યિક મૂલ્ય તો ધરાવે જ છે. તે ગુજરાતી ભાષી આગમરસિકો અને તત્ત્વજિજ્ઞાસુઓ માટે પણ મહત્ત્વનું સંદર્ભશાસ્ત્ર બની રહ્યું છે.

રૂા. ૨૭૦૦/-નું મૂલ્ય ધરાવતા આ आगमसूत्र-हिन्दी अनुवाद માં પણ ક્રમાંકન તો મૂળ આગમ, આગમ ગુજરાતી અનુવાદ અને आगम सटीकं અનુસાર જ થયેલ છે. તેથી અભ્યાસીઓને તુલના કરવી સરળ પડે છે.

## ૮. આગમ કથાનુયોગ

### ૬-પ્રકાશનો

આગમ કાર્ય વિષયક આ અમારું નવમું પ્રકાશન છે. જેમાં "કથાનુયોગ" નામે અનુયોગની મુખ્યતા છે. આ પ્રકાશનમાં મૂળ આગમો, આગમો પરની નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, વૃત્તિ કે અવચૂરી એ તમામનો સમાવેશ કરી આ આગમ કથાનુયોગનું સંકલન અને ગુજરાતી અનુવાદ કરવામાં આવેલ છે. જે છ ભાગોમાં વિભાજીત છે ૨૨૦૦ જેટલા પૃષ્ઠોમાં સમાવિષ્ટ છે અને કથાઓને દશ વિભાગમાં ગોઠવેલ છે.

આ કથાનુયોગમાં તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ, બલદેવ એ ઉત્તમપુરુષો સંબંધી કથાનક કે માહિતીનો સંગ્રહ છે, શ્રમણ વિભાગમાં ગણધરો, પ્રત્યેકબુદ્ધો, નિહ્નવો, અન્ય શ્રમણોની કથાઓ છે. તે સાથે આશરે ૯૦થી વધુ પૃષ્ઠોમાં ગોશાળાનું કથાનક તેના પૂર્વભવ, વર્તમાનભવ અને ભાવિ ભવો સહિત મૂકેલ છે. તે સિવાય શ્રમણી કથા, શ્રાવક કથા, શ્રાવિકા કથા, અન્યતીર્થી કથા, પ્રાણી કથા, પ્રકીર્ણ કથા અને દૃષ્ટાંતોના અલગ વિભાગો છે. પ્રત્યેક કથાને અંતે તેના આગમ સંદર્ભો પણ મૂકેલા છે, જેથી મૂળ માહિતી સ્રોત જોઈ શકાય. છટ્ઠા ભાગમાં અકારાદિક્રમે પ્રત્યેક કથાના નામોની ગોઠવણી અને તેની સાથે પૃષ્ઠાંક આપેલા છે, જેથી કોઈપણ કથા શોધવી અત્યંત સરળ બને છે.

આ "આગમ કથાનુયોગ" કેવળ કથારસિકો તથા વ્યાખ્યાતાઓ માટે અત્યંત ઉપયોગી પ્રકાશન છે. જેનું મૂલ્ય માત્ર રૂા. ૧,૫૦૦/- છે. તેમજ સન-૨૦૦૪માં જ પ્રકાશિત થયેલ હોવાથી હજી સરળતાથી ઉપલબ્ધ છે.

## ૯. આગમ મહાપૂજનવિધિ

આ એક લઘુ પુસ્તિકા છે. જેમાં પીસ્તાળીશ આગમ મહાપૂજન ભણાવવા માટેની સરળ, સ્પષ્ટ, શાસ્ત્રીય વિધિ છે. સાથે-સાથે પંડિત શ્રી રૂપવિજયજી કૃત્ ૪૫-આગમ પૂજાઓ પણ આપી દીધેલ છે. અષ્ટપ્રકારી પૂજાના અભિનવ દુહા પણ છે.

કોઈપણ વિધિકારકને સહેલાઈથી પૂજન કરાવતા ફાવે તે રીતે વિધિ સાથે સૂચનાઓનો નિર્દેશ છે. તેમજ આગમ મંડપની રચના, માંડલુ, આવશ્યક સામગ્રી, વિધિમાં પ્રત્યેક કાર્ય માટે જરૂરી એવા સહાયકોની કાર્ય વહેંચણી પણ જણાવેલ છે.

મોટા ટાઈપ, પદ્યોની સુંદર ગોઠવણી, પ્રત્યેક પૂજન માટેનું અલગ પેજ, દરેક પૂજનને માટેની સૂચના, તે પૂજનની સાથે જ અપાયેલી હોય તેવું આ એક માત્ર પ્રકાશન છે.

## ૧૦. આગમસૂત્ર સટીક અનુવાદ

### ૪૮-પ્રકાશનો

પ્રસ્તુત પ્રકાશનમાં આગમોના મૂળસૂત્રોનો અક્ષરશઃ અનુવાદ તો છે જ. સાથે સાથે આગમોની નિર્યુક્તિ અને ટીકાનો પણ અનુવાદ કરેલ હોવાથી અમે "સટીક અનુવાદ" એવું નામકરણ કરેલ છે. જેમાં ૪૫ આગમો ઉપરાંત બે વૈકલ્પિક આગમો અને કલ્પ [બારસા] સૂત્રના સમાવેશથી ૪૮ પ્રકાશનો થાય છે. જેને આ સાથે અમે ૪૨-ભાગોમાં પ્રકાશિત કરેલ છે.

આ સટીક અનુવાદમાં છ છેદ સૂત્રોનો અનુવાદ માત્ર મૂળનો જ છે, તેમાં સટીક અનુવાદ નથી. સંસ્કૃત અને પ્રાકૃત ભાષાજ્ઞાનથી વંચિત શ્રુતરસિકો કે સ્વાધ્યાય પ્રેમીઓને આ અત્યંત ઉપયોગી પ્રકાશન છે, જેનું સંયુક્ત મૂલ્ય રૂા. ૧૦,૦૦૦/- છે, કે જે કિંમતમાં તો કોઈ ૪૫ સટીક આગમોનો અનુવાદ પણ ન કરી આપે.

આ સટીક અનુવાદ સંપુટમાં-અંગસૂત્રો, ઉપાંગ સૂત્રો અને મૂળસૂત્રોનો સંપૂર્ણ સટીક અનુવાદ છે. પયન્ના સૂત્રોમાં પણ ઉપલબ્ધ ટીકાઓનો અનુવાદ કરેલો જ છે, નંદી અને અનુયોગ બંને સૂત્રોનું વર્તમાન પદ્ધતિથી સાનુવાદ વિવેચન કરેલ છે અને છેદસૂત્રો, કલ્પસૂત્ર અને કેટલાંક પયન્નાઓનો મૂળનો અનુવાદ છે.

— x — x —

**આ હતી આગમ સંબંધી અમારા ૨૫૦ પ્રકાશનોની યાદી**

— x — x —

## આગમ સિવાયના સાહિત્ય સર્જનની ઝાંખી

### (૧) વ્યાકરણ સાહિત્ય :-

૦ અભિનવ હૈમ લઘુપ્રક્રિયા ભાગ-૧ થી ૪ [૪]

— મહોપાધ્યાય વિનયવિજયજી કૃત્ "લઘુપ્રક્રિયા" પર સિદ્ધહેમ શબ્દાનુશાસન અને તેની સાથે સંબંધિત અનેક સંદર્ભગ્રંથોના ઉપયોગથી તૈયાર કરાયેલો એવો આ દળદાર ગ્રંથ છે. જે કાઉન આઠ પેજમાં તૈયાર થયેલ છે. સંસ્કૃત વ્યાકરણના અભ્યાસ માટેનું આ પ્રકાશન છે. જે ગુજરાતી ભાષાના માધ્યમથી તૈયાર થયેલ છે. તેમાં મૂળસૂત્ર, તેનો અર્થ, વૃત્તિ, વૃત્ત્યર્થ, અનુવૃત્તિ, વિશેષ વિવેચન જેવા સાત વિભાગો અને પ્રચૂર પરિશિષ્ટો છે.

૦ કૃદન્તમાલા :- [૧]

— આ લઘુ સર્જનમાં ૧૨૫ ધાતુઓના ૨૩ પ્રકારે થતાં કૃદન્તોનું કોષ્ટક છે.

### (૨) વ્યાખ્યાન સાહિત્ય :- [3]

૦ અભિનવ ઉપદેશ પ્રાસાદ ભાગ-૧ થી ૩.

— આ એક સ્વતંત્ર વ્યાખ્યાનમાળા છે. "મન્નહ જિણાણં" નામક સજ્ઝાયમાં આવતા શ્રાવકના ૩૬ કર્તવ્યો ઉપરના ૧૦૮ વ્યાખ્યાનો તેમાં ગોઠવેલા છે. પ્રત્યેક વ્યાખ્યાન માટે દશ-દશ પેજ ફાળવેલ છે. જે પ્રત્યેકમાં શ્લોક-જૈનેત્તર પ્રસંગ - સંબંધિત કર્તવ્યની તાત્ત્વિક વ્યાખ્યા અને સમજ-જૈનકથા અને કર્તવ્યને અનુરૂપ સ્તવનાદિ પંક્તિની સુંદર ગુંથણી છે.

૦ નવપદ-શ્રીપાલ [૧]

— શાશ્વતી ઓળીના વ્યાખ્યાનરૂપે આ પુસ્તકનું સર્જન થયું છે, જેમાં નવે પદનું અલગ-અલગ વિવેચન સાથે નવ દિવસમાં શ્રીપાલચરિત્ર પણ પૂરું થાય, તે રીતે ગોઠવેલા નવ વ્યાખ્યાનોનો સમન્વય છે.

### (૩) તત્ત્વાભ્યાસ સાહિત્ય :-

૦ તત્ત્વાર્થસૂત્ર પ્રબોધ ટીકા-અધ્યાય-૧ [૧]

૦ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા-અધ્યાય-૧ થી ૧૦ [૧૦]

— આ ગ્રંથમાં તત્ત્વાર્થ સૂત્રના દશે અધ્યાયોનું અલગ-અલગ દશ પુસ્તકમાં અતિ વિસ્તૃત વિવેચન ધરાવતું દશાંગ વિવરણ છે. જેમાં સૂત્રહેતુ, મૂળસૂત્ર, સંધિરહિત સૂત્ર, સૂત્રાર્થ, શબ્દજ્ઞાન, અનુવૃત્તિ, અનેક સંદર્ભ ગ્રંથોને આધારે તૈયાર કરાયેલ અભિનવ ટીકા, સૂત્રસંદર્ભ, સૂત્રપદ્ય, સૂત્રનિષ્કર્ષ જેવા દશ વિભાગો છે.

પ્રત્યેક અધ્યાયને અંતે સૂત્રક્રમ, અકારાદિ ક્રમ, શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદ જેવા પરિશિષ્ઠો તથા દશમા અધ્યાયના પુસ્તકમાં અંતે શબ્દસૂચિ, વિષયસૂચિ, સંબંધકારિકા જેવા ઉપયોગી પરિશિષ્ઠો છે.

o તત્ત્વાર્થ સૂત્રના આગમ આધાર સ્થાનો. ૧

– આ સંશોધન કક્ષાનું એક વિશિષ્ટ પુસ્તક છે. જેમાં તત્ત્વાર્થ સૂત્રના પ્રત્યેક સૂત્રનો મૂળ આગમમાંથી ઉપલબ્ધ સંદર્ભ, સંદર્ભ પાઠ, સંદર્ભ સ્થળનો ઉલ્લેખ છે. તેમજ શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદની તાલિકા અને વિશ્લેષણ છે.

**(૪) આરાધના સાહિત્ય :-** 3

o સમાધિમરણ :-

અંત સમયે અને ભાવિ ગતિ સુધારવા માટે મરણ સમયે ચિત્તની સમાધિ જળવાય રહે તેવી આરાધના વિધિ, આરાધના સૂત્રો, આરાધના પદ્યો, આરાધના પ્રસંગો વગેરે સાત વિભાગોમાં આ ગ્રંથ સર્જેલો છે.

o સાધુ અંતિમ આરાધના

o શ્રાવક અંતિમ આરાધના

સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓનો અંત સમય સુધારવા માટે નિત્ય કરવાની એવી આ આરાધના છે, મૂળ પ્રાકૃત અને સંસ્કૃતમાં ગ્રંથસ્થ થયેલ આ વિધિને સરળ ગુજરાતીમાં રજૂ કરેલ છે. પંચાંગના કદની આ પુસ્તિકા સાથે રાખવી પણ સરળ છે.

**(૫) વિધિ સાહિત્ય :-** 3

o દીક્ષા-યોગાદિ વિધિ

o વિધિ સંગ્રહ ભાગ-૧

o સાધુ-સાધ્વી કાળધર્મ વિધિ

**(૬) પૂજન સાહિત્ય :-** ૧

o આગમ મહાપૂજન વિધિ-*જેની નોંધ આગમ વિભાગમાં છે.*

o પાર્શ્વ પદ્માવતી પૂજનવિધિ

**(૭) યંત્ર સંયોજન :-**

o ૪૫-આગમ યંત્ર

o વિંશતિ સ્થાનક યંત્ર

(૮) જિનભક્તિ સાહિત્ય :- ૯

- चैत्यवन्दन पर्वमाला
- चैत्यवन्दनसंग्रह-तीर्थजिन विशेष
- चैत्यवन्दन चोविसी
- ચૈત્યવંદન માળા

— આ એક સંપાદન ગ્રંથ છે. જેમાં પર્વદિન તથા પર્વતિથિના ચૈત્યવંદનો, ચોવિસ જિનની ચોવિસી રૂપ ચૈત્યવંદનો, વિવિધ તીર્થમાં બોલી શકાય તેવા અને જિનેશ્વર પરમાત્મા વિષયક વિવિધ બોલ યુક્ત એવા ૭૭૯ ચૈત્યવંદનોનો વિશાળ સંગ્રહ છે.

- શત્રુંજય ભક્તિ
- शत्रुञ्जय भक्ति
- સિદ્ધાચલનો સાથી - સિદ્ધાચલ ભાવયાત્રા, સ્તુતિ-ચૈત્યવંદનાદિ
- વીતરાગ સ્તુતિ સંચય-૧૧૫૧ ભાવવાહી સ્તુતિનો સંચય
- ચૈત્ય પરિપાટી

(૯) પ્રકીર્ણ સાહિત્ય :- ૯

- શ્રી નવકાર મંત્ર-નવ લાખ જાપ નોંધપોથી
- શ્રી ચારિત્ર પદ એક કરોડ જાપ નોંધપોથી
- અભિનવ જૈન પંચાંગ
- अभिनव जैन पञ्चाङ्ग
- અમદાવાદ જિનમંદિર-ઉપાશ્રય આદિ ડિરેક્ટરી
- બાર વ્રત પુસ્તિકા તથા અન્ય નિયમો
- શ્રી જ્ઞાનપદ પૂજા
- કાયમી સંપર્ક સ્થળ
- ચોઘડીયા તથા હોરા કાયમી સમયદર્શિકા

(૧૦) સૂત્ર અભ્યાસ-સાહિત્ય :- ૫

- જૈન એડ્યુકેશનલ સર્ટિફિકેટ કોર્સ
- પ્રતિક્રમણસૂત્ર અભિનવ વિવેચન ભાગ-૧ થી ૪

**આ રીતે અમારા ૩૦૧ પ્રકાશનો થયા છે.**

— x — x —

# (૮) અંતકૃત્-દશાંગ સૂત્ર

## અનુવાદ તથા ટીકાનુસારી વિવેચન

૦ હવે અંતકૃત્ દશામાં કંઈક કહીએ છીએ. અંત-ભવાંત, કૃત્ - જેઓએ કર્યો છે, તે અંતકૃત્, તેની વક્તવ્યતા યુક્ત દશા-દશ અધ્યયનરૂપ, ગ્રંથની પદ્ધતિ તે અંતકૃત્ દશા. અહીં આઠ વર્ગો છે. તેમાં પહેલા વર્ગમાં દશ અધ્યયનો છે. તે શબ્દ વ્યુત્પત્તિ નિમિત્તને આશ્રીને આ ''અંતકૃત્ દશા'' કહેલ છે, તેમાં ઉપોદ્ઘાત અર્થથી કહે છે —

### ❁ વર્ગ-૧-અધ્યયન-૧ થી ૧૦ ❁

-- x -- x -- x -- x --

● **સૂત્ર-૧ થી ૩ :-**

*[૧] તે કાળે, તે સમયે ચંપાનગરી, પૂર્ણભદ્ર ચૈત્ય હતું. વર્ણન, તે કાળે, તે સમયે આર્ય સુધર્મા પધાર્યા, પર્ષદા નીકળી યાવત્ પાછી ગઈ. તે કાળે, તે સમયે આર્ય સુધર્માના શિષ્ય, આર્ય જંબૂ યાવત્ પર્યુપાસતા હતા. તેણે પૂછ્યું — જો શ્રમણ, આદિકર યાવત્ સંપ્રાપ્તે સાતમા અંગસૂત્ર ઉપાસકદશાનો આ અર્થ કહ્યો છે, તો હે ભગવન્ ! આઠમાં અંગસૂત્રનો શ્રમણ ભગવંતે શો અર્થ કહ્યો છે ?*

*હે જંબૂ ! શ્રમણ ભગવંતે આઠમાં અંગ અંતકૃત્દશાના આઠ વર્ગો કહ્યા છે. ભગવન્ ! જો શ્રમણ ભગવંત મહાવીરે આઠમાં અંગ અંતકૃત્દશાના આઠ વર્ગો કહ્યા છે, તો ભંતે ! અંતકૃત્દશાના પહેલા વર્ગના શ્રમણ યાવત્ સંપ્રાપ્તે કેટલા અધ્યયન કહ્યા છે ? હે જંબૂ ! શ્રમણ ભગવંતે યાવત્ આઠમાં અંગના પહેલા વર્ગના દશ અધ્યયનો કહ્યા છે.*

*[૨] તે આ — ગૌતમ, સમુદ્ર, સાગર, ગંભીર, સ્તિમિત, અચલ, કાંપિલ્ય, અક્ષોભ, પ્રસેન, વિષ્ણુ [આ દશ અધ્યયનો છે.]*

*[૩] ભંતે ! જો શ્રમણ યાવત્ સંપ્રાપ્તે અંતકૃદ્દશા આઠમા અંગના પહેલાં વર્ગના દશ અધ્યયન કહ્યા છે, તો ભંતે ! શ્રમણ ભગવંતે પહેલાં અધ્યયનનો શો અર્થ કહ્યો છે ? - - નિશ્ચે હે જંબૂ ! તે કાળે, તે સમયે દ્વારવતી નગરી હતી, બાર યોજન લાંબી, નવ યોજન પહોળી હતી, તે ધનપતિની મતિથી બનાવેલી, સુવર્ણના પ્રાકારવાળી, વિવિધ પંચરંગી મણિના કાંગરા વડે મંડિત, સુરમ્ય, અલકાપુરી સદેશ, પ્રમુદિત-પ્રકીડિત, પ્રત્યક્ષ દેવલોકભૂતા, પ્રાસાદીયાદિ હતી. તે દ્વારવતી નગરી બહાર ઈશાન ખૂણામાં રૈવત નામે પર્વત હતો, તે રૈવત પર્વતે નંદનવન નામે ઉદ્યાન હતું, સુરપ્રિય નો પુરાતન (જૂનું) યક્ષાયતન હતું. તે એક વનખંડથી ઘેરાયેલ હતું, મધ્યે ઉત્તમ અશોકવૃક્ષ હતું.*



*તે દ્વારવતી નગરીમાં કૃષ્ણ નામે વાસુદેવ રાજા રહેતો હતો, તે મહાન્૦ રાજાનું વર્ણન કરવું. તે ત્યાં સમુદ્રવિજય આદિ દશ દશાર્હ, બલદેવ આદિ પાંચ મહાવીર, પ્રદ્યુમ્ન આદિ સાડા ત્રણ કરોડ કુમારો, શાંબ આદિ ૬૦,૦૦૦ દુર્દાંતો, મહસેન આદિ ૫૬,૦૦૦ બળવાનો, વીરસેન આદિ ૨૧,૦૦૦ વીરો, ઉગ્રસેન આદિ ૧૬,૦૦૦ રાજા, રુક્મિણી આદિ ૧૬,૦૦૦ દેવીઓ, અનંગસેના આદિ અનેક હજાર ગણિકાઓ, બીજાં પણ ઘણાં ઈશ્વર યાવત્ સાર્થવાહો, દ્વારાવતીનગરી અને સમગ્ર અર્દ્ધ ભરતક્ષેત્રનું આધિપત્ય કરતો યાવત્ વિચરતો હતો.*

*તે દ્વારવતી નગરીમાં અંધકવૃષ્ણિ રાજા હતો, તેનું મહા હિમવંત આદિ વર્ણન કરવું. તે રાજાને ધારિણી રાણી હતી. તે ધારિણી દેવી કોઈ દિવસે તેવી, તેવા પ્રકારની શય્યામાં સુતી હતી૦ ઈત્યાદિ મહાબલ કુમારની માફક વર્ણન કરવું.*

● **વિવેચન-૧ થી ૩ :-**

ગોયમ૦ આદિ અધ્યયન સંગ્રહાર્થ ગાથા છે. धणवइमइनिम्माया - વૈશ્રમણ બુદ્ધિથી રચિત. અલકાપુરી-વૈશ્રમણયક્ષની નગરી જેવી. તેના નિવાસીને કારણે પ્રમુદિત-પ્રક્રીડિત હતી. महया૦ રાજ વર્ણન, પહેલા જ્ઞાતમાં મેઘકુમારના રાજ્યાભિષેકમાં જોવું, दस दसार - સમુદ્રવિજય, અક્ષોભ્ય, સ્તિમિત, સાગર, હિમવાન્, અચલ, ધરમ, પૂરણ, અભિચંદ્ર, વસુદેવ. આ દશે પૂજ્ય હોવાથી દશાર્હ કહ્યા. ત્યાં અંધકવૃષ્ણિ નામે યાદવ વિશેષ હતો.

महब्बल - ભગવતી સૂત્રમાં મહાબલ કહ્યો, તેમ અહીં કહેવું.

● **સૂત્ર-૪,૫ :-**

*[૪] સ્વપ્નદર્શન, કથના, જન્મ, બાલ્યત્વ, કલા, યૌવન, પાણિગ્રહણ, કાંતા, પ્રસાદ અને ભોગ. - - - [૫] વિશેષ એ - ગૌતમ નામ રાખ્યુ, આઠ શ્રેષ્ઠ રાજકન્યા સાથે એક દિવસે જ પાણિગ્રહણ થયું, આઠ-આઠ સંખ્યામાં દાયજો આપ્યો. - - - તે કાળે, તે સમયે આદિકર અરહંત અરિષ્ઠનેમિ યાવત્ વિચરે છે, ચારે પ્રકારના દેવો આવ્યા, કૃષ્ણ પણ નીકળ્યો.*

*ત્યારે ગૌતમકુમાર, મેઘકુમારની જેમ નીકળ્યા, ધર્મ સાંભળ્યો. વિશેષ એ કે — માતા પિતાને પૂછીને આપની પાસે દીક્ષા લઈશ. એ રીતે મેઘકુમારની જેમ અણગાર થયા યાવત્ આ નિર્ગ્રન્થ પ્રવચનને આગળ કરીને વિચરવા લાગ્યા.*

*ત્યારપછી તે ગૌતમ અન્ય કોઈ દિવસે અરહંત અરિષ્ટનેમિના તથારૂપ સ્થવિરો પાસે સામાયિકાદિ અગિયાર અંગ ભણ્યા. ઘણાં ઉપવાસાદિથી યાવત્ ભાવતા વિચરે છે. અરહંત અરિષ્ટનેમિ કોઈ દિવસે દ્વારાવતીના નંદનવનથી નીકળી બહાર જનપદમાં વિચરે છે ત્યારે ગૌતમ અણગાર કોઈ દિવસે ભગવંત પાસે આવ્યા. ભગવંતને ત્રણ વખત પ્રદક્ષિણા કરીને કહ્યું — ભગવન્ ! આપની અનુજ્ઞા પામીને માસિકી ભિક્ષુપ્રતિમા સ્વીકારીને વિચરવા ઈચ્છુ છું.*

*એ પ્રમાણે સ્કંદકની માફક બાર ભિક્ષુપ્રતિમાને સ્પર્શીને ગુણરત્ન તપ તે રીતે જ સ્પર્શીને બધું સ્કંદક માફક યાવત્ ચિંતવે છે, તે રીતે જ પૂછે છે,*

***સ્થવિરો સાથે શત્રુંજયે ચડે છે, માસિકી સંલેખનાથી બાર વર્ષનો પર્યાય પામી યાવત્ સિદ્ધ થાય છે.***

**● વિવેચન-૪,૫ :-**

સ્વપ્નમાં સિંહનું દર્શન, રાજા પાસે નિવેદન, બાળકનો જન્મ, ઈત્યાદિ બધું મહાબલ માફક કહેવું. લગ્ન પછી આઠ-આઠ હિરણ્ય કોટિનું દાન કહેવું. - - ગૌતમકુમારને આવો મનોગત સંકલ્પ થયો ઈત્યાદિ બધું મેઘકુમાર માફક જાણવું, મેઘકુમાર ચરિત્રની અનુસ્મૃતિ કરવી.

પછી સર્વ ગૌતમકથાનક ભગવતીમાં કહેલ સ્કંદક કથા મુજબ જાણવું. ભિક્ષુપ્રતિમા-એક માસનું પરિમાણ તે એક માસિકી, એ રીતે બે થી સાત માસિકી, સાત રાત્રિ-દિનવાળી ત્રણ, અહોરાત્રિકી, એક રાત્રિકી. તેનું સ્વરૂપ દશાશ્રુતસ્કંધથી જાણવું. ગુણરત્ન સંવત્સર તપમાં પહેલે માસે નિરંતર ઉપવાસ, દિવસે ઉત્કટુક આસન, સૂર્યાભિમુખ રહેવું, રાત્રે વીરાસન અને અપ્રાવૃત્ત રહેવું. એ રીતે માસે-માસે એક ઉપવાસ વધતાં સોળમે માસે સોળ ઉપવાસ જાણવા.

**● સૂત્ર-૬ :-**

***હે જંબૂ ! ભગવંત મહાવીરે આ રીતે પહેલા વર્ગના પહેલા અધ્યયનનો અર્થ કહ્યો. તે રીતે બાકીના નવે કહેવા. અંધકવૃષ્ણિ પિતા, ધારિણી માતા, સમુદ્રથી વિષ્ણુ પર્યન્ત નવ પુત્રો. આ રીતે એકગમા દશ અધ્યયનો કહ્યા.***

**● વિવેચન-૬ :-**

આ રીતે પૂર્વોક્ત ગાથા મુજબ નવે અધ્યયનો કહેવા. દશ અધ્યયન વડે પહેલા વર્ગનો નિક્ષેપ કહેવો.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**વર્ગ-૧-નો ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**



## ❀ વર્ગ-૨-અધ્યયન-૧ થી ૮ ❀

-- x -- x -- x -- x --

**● સૂત્ર-૭ થી ૯ :-**

***[૭] હે ભગવન્ ! જો૦ બીજા વર્ગનો ઉત્ક્ષેપ કહેવો. તે કાળે, તે સમયે દ્વારવતી નગરીમાં અંધકવૃષ્ણિ પિતા, ધારિણી માતા હતા.***

***[૮] અક્ષોભ, સાગર, સમુદ્ર, હિમવંત, અચલ, ધરણ, પૂરણ, અભિચંદ્ર [આ આઠ તેમના પુત્રો, તેના આઠ અધ્યયન જાણવા.]***

***[૯] પ્રથમ વર્ગમાં કહ્યા મુજબ અહીં આઠે અધ્યયનો કહેવા. ગુણરત્નતપ, ૧૬ વર્ષ પર્યાય, શત્રુંજયે માસિકી સંલેખના, સિદ્ધિ.***

**● વિવેચન :-**

બીજાનો ઉત્ક્ષેપો-ભંતે ! જો શ્રમણ ભગવંત મહાવીરે આઠમાં અંગના પહેલા વર્ગનો આ અર્થ કહ્યો છે, તો ભંતે ! બીજા વર્ગનો શો અર્થ કહ્યો છે ? હે જંબૂ ! નિશ્ચે, તે કાળે-તે સમયે શ્રમણ ભગવંત મહાવીરે બીજા વર્ગના આઠ અધ્યયનો કહ્યા છે. આ પ્રમાણે બીજા વર્ગનો ઉત્ક્ષેપો કહેવો, તેમાં અષ્ટ અધ્યયન જણાવતી ગાથા આ પ્રમાણે છે — અક્ષોભ, સાગર યાવત્ આઠમો અભિચંદ્ર.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**વર્ગ-૨-નો ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

## 卐 વર્ગ-૩ 卐

-- o -- o --

**● સૂત્ર-૧૦ [અધુરુ] :-**

***જો ત્રીજાનો૦ ઉત્ક્ષેપ૦ - - હે જંબૂ ! અંતકૃદ્દસાના ત્રીજા વર્ગના તેર અધ્યયનો કહ્યા છે — અનીયસ, અનંતસેન, અનિહત, વિદુ [રિપુ], દેવયશ, શત્રુસેન, સારણ, ગજ, સુમુખ, દુર્મુખ, કૂપક, દારુક અને અનાદૃષ્ટિ. ભંતે ! જો શ્રમણ ભગવંત મહાવીરે અંતકૃદ્દશાના ત્રીજા વર્ગના તેર અધ્યયન કહ્યા છે, તો તેના પહેલા વર્ગને શો અર્થ કહ્યો છે ?***

### ❀ વર્ગ-૩, અધ્યયન-૧-''અનીકસેન'' ❀

-- x -- x -- x -- x --

**● સૂત્ર-૧૦ [અધુરેથી] :-**

***હે જંબૂ ! તે કાળે, તે સમયે ભદ્દિલપુર નગર હતું. તેની ઈશાન દિશામાં શ્રીવન ઉધાન હતું. જિતશત્રુ રાજા હતો. તે ભદ્દિલપુરમાં નાગ નામે આઢ્ય ગાથાપતિ હતો. તે નાગ ગાથાપતિની સુલસા નામે પત્ની હતી, તે સુકુમાલ યાવત્ સુરૂપા હતી. તે નાગ ગાથાપતિનો પુત્ર અને સુલસાનો આત્મજ અનીકયશ નામે કુમાર હતો. તે સુકુમાર યાવત્ સુરૂપ અને પાંચ ધાત્રી વડે પાલન કરાતો***

*હતો. તે આ - ક્ષીરધાત્રી આદિ. દૃઢપ્રતિજ્ઞ માફક કહેવું યાવત્ પર્વતીય૰ સુખે વૃદ્ધિ પામતો હતો.*

*ત્યારપછી તે અનિકયશ કુમાર સાતિરેક આઠ વર્ષનો થયો. માતાપિતાએ કલાચાર્ય પાસે મૂક્યો યાવત્ ભોગ સમર્થ થયો. પછી અનિકયશકુમાર બાલ્યભાવથી મુક્ત થયેલો જાણીને માતાપિતાએ સદૃશ યાવત્ બત્રીશ શ્રેષ્ઠ ઈભ્યકન્યા સાથે એક દિવસે પાણિગ્રહણ કરાવ્યું. પછી તે નાગ ગાથાપતિએ અનિકયશને આવું પ્રીતિદાન આપ્યું - ૩૨-હિરણ્ય કોડી૰ મહાબલકુમારની માફક યાવત્ ઉપરના પ્રાસાદમાં મૃદંગાદિના સ્ફૂટ અવાજો સાથે યાવત્ વિચરે છે.*

*તે કાળે, તે સમયે અરહંત અરિષ્ટનેમિ યાવત્ પધાર્યા. શ્રીવન ઉદ્યાનમાં યાવત્ વિચરે છે. પર્ષદા નીકળી, ત્યારે તે અનીયશકુમાર૰ ગૌતમકુમાર માફક જાણવું. વિશેષ એ - સામાયિકાદિ ચૌદ પૂર્વો ભણ્યો. ૨૦ વર્ષ પર્યાય. બાકી પૂર્વવત્. શત્રુંજય પર્વતે માસિકી સંલેખના પૂર્વક યાવત્ સિદ્ધ થયો. આ પ્રમાણે હે જંબૂ ! શ્રમણ ભગવંતે અંતકૃદ્દસાના ત્રીજા વર્ગના પહેલા અધ્યયનનો આ અર્થ કહ્યો છે.*

**● વિવેચન-૧૦ :-**

ત્રીજાનો ઉત્ક્ષેપ૰ ભંતે ! જો શ્રમણ ભગવંતે અંતકૃદ્દશાના બીજા વર્ગનો આ અર્થ કહ્યો છે૰ હે જંબૂ ! શ્રમણ ભગવંત મહાવીરે ત્રીજા વર્ગના ૧૩-અધ્યયનો કહ્યા છે — અનીયશ આદિ. ઈત્યાદિ - x -

પાંચ ધાત્રી-ક્ષીર, મજ્જન, મંડણ, ક્રીડાપન, અંક-ધાત્રીઓ. દૃઢપ્રતિજ્ઞ - જેમ રાજપ્રશ્નીયમાં વર્ણવેલ છે, તેમ અહીં વર્ણવવું - x - ત્યારે તે અનીયસકુમાર૰ ઈત્યાદિ બધું કહેવું. - x - સદૃશ૰ યાવત્ શબ્દથી સદૃશ ત્વચા, સદૃશ વય, સદૃશ લાવણ્ય-રૂપ - યૌવન-ગુણયુક્ત.

जहा महब्बलस्स૰ ભગવતીમાં કહ્યા મુજબ, આનું પણ દાન આદિ સર્વે કહેવું. ઉપરી પ્રાસાદમાં સ્ફૂટ થતાં મૃદંગમસ્તક વડે ભોગાદિ ભોગવતો વિચરે છે. - - પહેલા અધ્યયનનો આ અર્થ કહ્યો, તે નિક્ષેપ.

## ❀ વર્ગ-૩, અધ્યયન-૨ થી ૭ ❀

— x — x — x — x —

**● સૂત્ર-૧૦,૧૧ :-**

*[૧૦] આ પ્રમાણે અનીયસ માફક બાકીના અનંતસેનથી શત્રુસેન સુધીના છ [પાંચ] અધ્યયનો, એક ગમ જાણવો. બધીને બત્રીશનો દાયજો, ૨૦-વર્ષનો પર્યાય, ચૌદ પૂર્વનો અભ્યાસ, શત્રુંજયે સિદ્ધ થયા.*

*[૧૧] તે કાળે, તે સમયે દ્વારવતી નગરી હતી. પ્રથમ અધ્યયન મુજબ કહેવું. વિશેષ એ - વસુદેવ રાજા, ધારિણી રાણી, સીંહનું સ્વપ્ન, સારણ કુમાર નામ, ૫૦ સ્ત્રી, ૫૦નું દાન, ૧૪-પૂર્વનો અભ્યાસ, ૨૦-વર્ષ પર્યાય, બાકી બધું ગૌતમ મુજબ, યાવત્ શત્રુંજયે સિદ્ધ થયો.*



**● વિવેચન-૧૦,૧૧ :-**

પાંચ અધ્યયનનો અતિદેશ કરે છે — અનીયસ આદિ. - x - છ એ અધ્યયનોનો એક જ પાઠ જાણવો, માત્ર નામમાં વિશેષતા છે. આ બધાંને ૩૨-૩૨ પત્નીઓ હતી. - x - આ છ એ તત્ત્વથી વસુદેવ અને દેવકીના પુત્રો હતા. - - એ રીતે સાતમાં અધ્યયનનો ઉત્ક્ષેપ કહેવો.

## ❀ વર્ગ-૩-અધ્યયન-૮-"ગજ" ❀

— x — x — x — x —

**● સૂત્ર-૧૩ :-**

*આઠમાંનો ઉત્ક્ષેપ૰ નિશ્ચે હે જંબૂ ! તે કાળે, તે સમયે દ્વારવતી નગરી હતી. પ્રથમ અધ્યયન મુજબ યાવત્ અરહંત અરિષ્ટનેમિ પધાર્યા. તે કાળે૰ અરિષ્ટનેમિના શિષ્યો છ સાધુઓ સહોદર ભાઈઓ હતા. તેઓ સદૃશ, સદૃશ ત્વચાવાળા, સદૃશવયવાળા હતા, કાળું કમળ-ભેંસનું શીંગડુ, ગળીનો વર્ણ, અલસી પુષ્પ જેવી કાંતિવાળા હતા. શ્રીવત્સ અંકિત વત્સવાળા, કુસુમ કુંડલથી શોભતા, નલ-કુબેર સમાન હતા.*

*ત્યારે તે છએ સાધુઓ, જે દિવસે મુંડ થઈ. ઘર છોડીને દીક્ષા લીધી, તે જ દિવસે અરિષ્ટનેમિ અરહંતને વંદન-નમસ્કાર કરીને કહેલું — ભગવન્ ! અમે આપની અનુજ્ઞા પામીને જાવજ્જીવ માટે નિરંતર છટ્ઠ-છટ્ઠ તપોકર્મસહ, સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા રહેવા ઈચ્છીએ છીએ. - - હે દેવાનુપ્રિયો ! સુખ ઉપજે તેમ કરો, વિલંબ ન કરો. ત્યારે છએ સાધુઓ ભગવંતની આજ્ઞા પામીને જાવજ્જીવને માટે નિરંતર છટ્ઠ-છટ્ઠ તપ કરતાં યાવત્ વિચરવા લાગ્યા.*

*ત્યારપછી છએ સાધુઓએ અન્ય કોઈ દિને છટ્ઠના પારણે પહેલી પોરિસિએ સ્વાધ્યાય કર્યો૰ ગૌતમસ્વામી મુજબ યાવત્ અમે આપની અનુજ્ઞા પામી છટ્ઠના પારણે ત્રણ સંઘાટક વડે દ્વારવતી નગરીમાં યાવત્ ભ્રમણ કરવા ઈચ્છીએ છીએ. - - યથાસુખં૰ - - ત્યારે છએ સાધુઓ અરહંત્ અરિષ્ટનેમિની અનુજ્ઞા પામીને ભગવંતને વાંદી-નમીને, તેમની પાસેથી, સહસ્રામ્રવનથી નીકળે છે, નીકળીને ત્રણ સંઘાટક વડે અત્વરિત યાવત્ અટન કરે છે. તેમાં એક સંઘાટક દ્વારવતીના ઉચ્ચ-નીચ-મધ્યમ કુળોમાં ગૃહસમુદાન ભિક્ષાચર્યાથી અટન કરતા વસુદેવ રાજાની દેવકી રાણીના ઘરમાં પ્રવેશ્યા. ત્યારે દેવકી દેવીએ તે સાધુઓને આવતા જોઈને હર્ષિત યાવત્ હૃદયી થઈ, આસનેથી ઉભી થઈ, પછી સાત-આઠ પગલાં સામે જઈ, ત્રણ વખત આદક્ષિણ-પ્રદક્ષિણા કરી, વાંદી-નમીને રસોડામાં આવી, સીંહકેસરા લાડુનો થાળ ભર્યો, ભરીને તે બંને સાધુઓને પ્રતિલાભિત કરી, વાંદી-નમીને વિદાય આપી.*

*ત્યારપછી બીજા સંઘાટક દ્વારવતીમાં યાવત્ [દેવકીને ત્યાં આવ્યા યાવત્] વિદાય આપી. પછી ત્રીજા સંઘાટક દ્વારવતીમાં ઉચ્ચ-નીચ યાવત્ પ્રતિલાભીને [દેવકીએ] કહ્યું — હે દેવાનુપ્રિયો ! શું આ નવ યોજન લાંબી૰ પ્રત્યક્ષ દેવલોક*

સ્વરૂપ, કૃષ્ણ વાસુદેવની દ્વારવતી નગરીમાં શ્રમણ નિર્ગ્રન્થો ઉચ્ચ-નીચ યાવત્ અટન કરતાં ભોજન-પાન મળતા નથી ? જે તમે એક જ ઘરમાં ભોજન-પાન માટે વારંવાર પ્રવેશ કરો છો ?

ત્યારે તે સાધુઓએ દેવકીને કહ્યું — હે દેવાનુપ્રિયા ! કૃષ્ણ વાસુદેવની આ દ્વારિકામાં યાવત્ - x - શ્રમણ નિર્ગ્રન્થોને યાવત્ ભોજન-પાન મળતા નથી, એમ નથી, તેના તે જ કુળોમાં બીજી-ત્રીજી વખત ભોજન-પાન માટે પ્રવેશતા પણ નથી. પણ અમે ભદ્દિલપુર નગરના નાગ ગાથાપતિના પુત્રો, સુલસાભાર્યાના આત્મજો એવા છ સહોદર, સદૃશ, યાવત્ નલ-કુબેર સમાન ભાઈઓ છીએ, અરહંત અરિષ્ટનેમિ પાસે ધર્મ સાંભળી, સંસારના ભયથી ઉદ્વિગ્ન થઈ, જન્મ-મરણથી ડરી, યાવત્ દીક્ષા લીધી છે.

અમે પ્રવ્રજ્યા લીધી તે જ દિવસે અરહંત અરિષ્ટનેમિ પાસે આવો અભિગ્રહ ગ્રહણ કર્યો કે — ભંતે ! અમે આપની આજ્ઞા પામીને નિરંતર છઠ્ઠ તપથી૰ યાવત્ સુખ ઉપજે તેમ કરો. ત્યારથી અમે અરહંતની અનુજ્ઞા આપીને યાવજ્જીવ છઠ્ઠ-છઠ્ઠના તપ વડે યાવત્ વિચરીએ છીએ.

અમે આજે છઠ્ઠ તપના પારણે પહેલી પોરિસિએ યાવત્ અટન કરતા, તમારા ઘરમાં પ્રવેશ્યા. તમારે ત્યાં પહેલા આવેલ તે અમે નથી, અમે અન્ય છીએ. દેવકીને આમ કહી બંને - x - પાછા ગયા.

ત્યારે દેવકીને આવો મનોગત સંકલ્પ થયો કે નિશ્ચે મને પોલાસપુર નગરે અતિમુક્તકુમાર શ્રમણે બાલ્યાવસ્થામાં કહેલું કે — હે દેવાનુપ્રિયા ! "તું, સદૃશ યાવત્ નલ-કુબેર જેવા આઠ પુત્રોને જન્મ આપીશ. ભરતક્ષેત્રમાં બીજી કોઈ માતાને તેવા પુત્રો નહીં જ પ્રસવે." તે વચન મિથ્યા થયું. આ પ્રત્યક્ષ દેખાય છે કે ભરતક્ષેત્રમાં બીજી માતાએ આવા યાવત્ પુત્રો પ્રસવ્યા છે. તો હું જાઉં, અરહંત અરિષ્ટનેમિને વાંદીને આ આવા પ્રકારના પ્રશ્નોને પૂછું, આમ વિચારી, કૌટુંબિક પુરુષોને બોલાવ્યા.

તેમને કહ્યું — લઘુકરણ પ્રવર યાવત્ ઉપસ્થાપિત કરો. પછી દેવાનંદા માફક પર્યુપાસે છે. ભગવંતે દેવકીને કહ્યું — હે દેવકી ! આ છ સાધુઓને જોઈને, આવા પ્રકારનો વિચાર આવ્યો કે — નિશ્ચે મને પોલાસપુર નગરે અતિમુક્ત શ્રમણે પૂર્વવત્ કહ્યું યાવત્ ઘેરથી નીકળી, જલ્દી મારી પાસે આવ્યા. હે દેવકી ! આ અર્થ યોગ્ય છે ? - - હા, છે.

હે દેવાનુપ્રિયા ! નિશ્ચે, તે કાળે૰ ભદ્દિલપુરનગરમાં નાગ નામે આઢ્ય ગાથાપતિ વસે છે. તેને સુલસા નામે પત્ની છે, તે સુલસાને બાલ્યપણામાં નિમિત્તિયાએ કહેલ કે — આ બાલિકા નિંદુ થશે. ત્યારપછી સુલસાએ બાલ્યત્વથી આરંભીને હરિણેગમેષીની ભક્ત થઈ, હરિણેગમેષીની પ્રતિમા કરાવી, રોજ ન્હાઈ યાવત્ પ્રાયશ્ચિત્ત કરી, ભીની સાડી પહેરીને મહાર્હ પુષ્પપૂજા કરે છે. પછી ઢીંચણને પૃથ્વી પર નમાવી, પ્રણામ કરે છે. પછી આહાર-નીહાર કરે છે. પછી



તેણીના લગ્ન થયા.

ત્યારપછી સુલસા ગાથાપત્નીના ભક્તિ-બહુમાન-સેવાથી હરિણેગમેષી દેવ આરાધિત થયા. ત્યારે તે હરિણેગમેષી દેવે સુલસાની અનુકંપાથી, સુલસા અને તમને બંનેને સમ સમયે ઋતુવંતી કરી, પછી તમે બંને એક સમયે જ ગર્ભને ગ્રહણ કરી, સાથે જ ગર્ભને વહેવા લાગી, સાથે જ પુત્રને જન્મ આપવા લાગી. ત્યારે સુલસા મરણ પામેલ પુત્રને જન્મ આપે છે, ત્યારે હરિણેગમેષી દેવે સુલસાની અનુકંપાથી, મૃત પુત્રને હસ્તતલમાં ગ્રહણ કરીને, તારી પાસે સંહર્યા. તે જ સમયે તમે પણ નવ માસ પૂર્ણ થતાં સુકુમાલ પુત્રને જન્મ આપ્યો. જે તમારા પુત્ર હતા, તેને પણ તમારી પાસેથી બે હાથમાં લઈને સુલસા પાસે સંહર્યા. તેથી હે દેવકી ! આ તમારા પુત્રો છે, સુલસા ગાથાપત્નીના નથી.

ત્યારે દેવકી દેવી, અરહંત અરિષ્ટનેમિ પાસે આ અર્થને સાંભળીને હૃષ્ટ તુષ્ટ યાવત્ હૃદયી થઈ અરહંત અરિષ્ટનેમિને વાંદી-નમી, તે છ સાધુઓ પાસે આવી, તે છએને વંદન-નમન કર્યા. ત્યારે તેણી આગતપ્રશ્નવા, પ્રપ્લુતલોચના, કંચુક પરિક્ષિપ્તા, દીર્ણવલય બાહુ, ધારાહત કદંબપુષ્પ સમાન સમુચ્છ્રિત રોમકૂપવાળી તેવી તે છ એ સાધુઓને અનિમેષ દૃષ્ટિએ જોતી-જોતી દીર્ઘકાળ જોતી રહી. જોઈને વાંદી, નમીને અરહંત અરિષ્ટનેમિ પાસે આવી, ત્રણ વખત આદક્ષિણ-પ્રદક્ષિણા કરી, કરીને વંદન-નમન કર્યું. તે જ ધાર્મિક યાનમાં બેસી. પછી દ્વારવતી નગરીએ આવી, તેમાં પ્રવેશી, પોતાના ઘેર બાહ્ય ઉપસ્થાનશાળામાં આવી, આવીને યાનપ્રવરથી ઉતરી, ઉતરીને પોતાના વાસગૃહમાં, પોતાની શય્યામાં આવી, આવીને પોતાની શય્યા ઉપર બેઠી.

ત્યારપછી દેવકીદેવીને આવો મનોગત સંકલ્પ થયો કે — નિશ્ચે મેં સરખા યાવત્ નલ-કુબેર સમાન સાત પુત્રોને પ્રસવ્યા. મેં એક પણનું બાલ્યત્વને અનુભવ્યુ નથી, આ કૃષ્ણ વાસુદેવ પણ છ-છ માસે મારી પાસે પાદ વંદનાર્થે જલ્દી આવે છે, તે માતાઓ ધન્ય છે, એમ હું માનું છું કે જે માતા પોતાની કુક્ષિથી ઉત્પન્ન થયેલ પુત્રો સ્તનદુધમાં લુબ્ધ, મધુર વચન બોલનારા, અસ્પષ્ટ બોલતા, સ્તનમૂળથી કક્ષા દેશ ભાગે સરકતાં, મુગ્ધ, કોમળ-કમળ જેવા હાથ વડે ગ્રહીને ઉત્સંગમાં બેસાડે છે, તે પુત્રો સુમધુર ઉલ્લાપને વારંવાર આપે છે, મંજુલ વચન બોલે છે. પણ હું અધન્ય, અપુન્ય, અકૃતપુણ્ય છું, આમાંથી એક પણ પુત્રને ન પામી. એ રીતે તેણી અપહત મન સંકલ્પા યાવત્ ચિંતામગ્ન થઈ.

આ તરફ કૃષ્ણ વાસુદેવ ન્હાઈ યાવત્ વિભૂષિત થઈ, દેવકી દેવીને પાદ વંદનાર્થે જલ્દી આવ્યા. ત્યારે કૃષ્ણે દેવકી દેવીને જોઈને પાદ-વંદના કરી, કરીને દેવકીને પૂછ્યું, હે માતા ! બીજે વખતે તો મને જોઈને, તમે હર્ષિત યાવત્ થાઓ છો, આજ કેમ અપહત યાવત્ ચિંતામગ્ન છો ? ત્યારે દેવકીએ, કૃષ્ણને કહ્યું — મેં સદૃશ યાવત્ સમાન સાત પુત્રોને જન્મ આપ્યો, પણ એક પણનું બાલ્યત્વ અનુભવ્યું નહીં, તું પણ પુત્ર ! મને છ-છ માસે મારી પાસે પગે લાગવા જલ્દી

આવે છે, તે માતાઓ ધન્ય છે૦ ઈત્યાદિ, યાવત્ ચિંતામગ્ન છું. ત્યારે કૃષ્ણે, દેવકીમાતાને કહ્યું —

હે માતા ! તમે અપહત યાવત્ ચિંતામગ્ન ન થાઓ. હું તેવો યત્ન કરીશ, જેથી મારો સહોદર નાનો ભાઈ થાય. એમ કહી દેવકીને તેવી ઈષ્ટાદિ વાણી વડે આશ્વાસિત કર્યા, ત્યાંથી નીકળ્યા. નીકળીને પૌષધશાળાએ આવ્યા, આવીને અભયકુમાર માફક કર્યું. વિશેષ આ - હરિણેગમેષીને ઉદ્દેશીને અટ્ઠમ તપ ગ્રહણ કરી. યાવત્ અંજલિ જોડીને કહ્યું — હે દેવાનુપ્રિય ! હું ઈચ્છુ છું કે મને સહોદર નાનો ભાઈ આપો.

ત્યારે હરિણેગમેષીને કૃષ્ણ વાસુદેવે કહ્યું — હે દેવાનુપ્રિય ! દેવલોકથી ચ્યવેલ એક જીવ, તમારો નાનો ભાઈ થશે. તે બાલ્યભાવથી મુક્ત થઈ યાવત્ યૌવન પામી, અરહંત અરિષ્ટનેમિ પાસે મુંડ થઈ યાવત્ દીક્ષા લેશે. કૃષ્ણને બીજી-ત્રીજી વખત આમ કહ્યું, કહીને જ્યાંથી આવેલ ત્યાં પાછો ગયો.

ત્યારે કૃષ્ણે પૌષધશાળાથી નીકળી, દેવકીમાતા પાસે આવીને દેવકીના પગે વંદના કરીને કહ્યું — હે માતા ! મારે સહોદર નાનો ભાઈ થાઓ. એમ કહી દેવકીમાતાને તેવી ઈષ્ટાદિ વાણીથી આશ્વાસિત કરી૦ ગયા.

ત્યારપછી દેવકી અન્ય કોઈ દિને, તેવી તેવી પ્રકારની યાવત્ સીંહનું સ્વપ્ન જોઈને જાગી યાવત્ પાઠકા૦ હર્ષિત હૃદયા થઈ ગર્ભને વહે છે. પછી દેવકીદેવીએ નવ માસ પછી જપાપુષ્પ, રાતા બંધુજીવક પુષ્પ, લાક્ષારસ, સરસ પારિજાતક, તરુણ સૂર્ય સમાન પ્રભાવાળા, સર્વનયન કાંત, સુકુમાર, યાવત્ સુરૂપ, હાથીના તાલુ સમાન પુત્રને જન્મ આપ્યો. જન્મ મહોત્સવ મેઘકુમારવત્ કહેવો. યાવત્ જે કારણે અમારો આ પુત્ર ગજતાલુસમાન છે, તેથી અમારા આ બાળકનું નામ ગજસુકુમાલ થાઓ. ત્યારે તે બાળકના માતાપિતાએ ગજસુકુમાલ નામ કર્યું. બાકી મેઘકુમારવત્ જાણવું. યાવત્ તે અત્યંત ભોગ ભોગવવાને સમર્થ થયો.

તે દ્વારાવતીમાં સોમિલ નામે આઢ્ય, ઋગ્વેદ યાવત્ સુપરિનિષ્ઠિત બ્રાહ્મણ વસતો હતો. તે સોમિલને સોમશ્રી નામે સુકુમાલ બ્રાહ્મણી [પત્ની] હતી. તે સોમિલની પુત્રી, સોમશ્રી બ્રાહ્મણીની આત્મજા સોમા નામે પુત્રી સુકુમાલા યાવત્ સુરૂપા, રૂપ યાવત્ લાવણ્ય યુક્તા, ઉત્કૃષ્ટ, ઉત્કૃષ્ટ શરીરી પુત્રી હતી. તે સોમા પુત્રી અન્ય કોઈ દિને ન્હાઈ યાવત્ વિભૂષિતા થઈ, ઘણી કુબ્જા યાવત્ પરિવરીને સ્વગૃહેથી નીકળી.

પછી રાજમાર્ગે આવી, રાજમાર્ગમાં સુવર્ણના દડાથી ક્રીડા કરતી હતી. - - તે કાળે, તે સમયે અરહંત અરિષ્ટનેમિ પધાર્યા, પર્ષદા નીકળી. ત્યારે કૃષ્ણ વાસુદેવે, આ વૃત્તાંત જાણીને ન્હાઈ યાવત્ વિભૂષિત થઈ, ગજસુકુમાલ કુમાર સાથે ઉત્તમ હાથીના સ્કંધે બેસી, કોરંટ૦ છત્રને ધરાવતો, શ્રેષ્ઠ શ્વેત ચામરો વડે વિંઝાતો દ્વારવતી નગરી મધ્યેથી ભગવંતના પાદ વંદનાર્થે નીકળ્યો ત્યારે સોમા



કન્યાને જોઈ, જોઈને સોમાના રૂપ, લાવણ્યથી યાવત્ વિસ્મીત થઈ, કૌટુંબિક પુરુષોને બોલાવ્યા.

— બોલાવીને કૃષ્ણે કહ્યું — હે દેવાનુપ્રિયો ! જાઓ, તમે સોમિલ બ્રાહ્મણ પાસે સોમાની યાચના કરીને, તે કન્યાને લાવો. કન્યા અંતઃપુરમાં રખાવો. પછી આ કન્યા ગજસુકુમાલની પત્ની થશે. ત્યારે કૌટુંબિક પુરુષોએ યાવત્ તેમ કર્યું. - - પછી કૃષ્ણ વાસુદેવ દ્વારવતી નગરીની મધ્યેથી નીકળીને સહસ્રામ્રવન ઉદ્યાનમાં યાવત્ ભગવંતને પર્યુપાસે છે.

ત્યારે અરિષ્ટનેમિ અરહંતે કૃષ્ણ વાસુદેવ, ગજસુકુમાલ અને મોટી પર્ષદાને ધર્મ કહ્યો. ત્યારે ગજસુકુમાલે ભગવંત પાસે ધર્મ સાંભળીને૦ - - વિશેષ આ - માતાપિતાને પૂછું. યાવત્ મેઘકુમારની જેમ સ્ત્રીને વર્જીને યાવત્ કુલવૃદ્ધિ કર. ત્યારે કૃષ્ણ વાસુદેવે આ કથા જાણીને ગજસુકુમાલ પાસે આવીને ગજસુકુમાલને આલિંગે છે, પછી ખોળામાં બેસાડે છે, બેસાડીને કહ્યું — તું મારા સહોદર નાનો ભાઈ છે, તેથી હે દેવાનુપ્રિય ! હમણાં અરહંત પાસે મુંડ થઈ યાવત્ દીક્ષા ન લે. હું તને દ્વારવતી નગરીમાં મોટા-મોટા રાજ્યાભિષેક વડે અભિષેક કરીશ.

ત્યારે કૃષ્ણ વાસુદેવે આમ કહેતા ગજસુકુમાલ મૌન રહ્યો. ત્યારે ગજસુકુમાલે કૃષ્ણ વાસુદેવ તથા માતા-પિતાને બે-ત્રણ વખત કહ્યું — હે દેવાનુપ્રિયો ! માનુષી કામભોગ ખેલાશ્રવ યાવત્ ત્યાજ્ય છે, હું ઈચ્છું છું કે — આપની અનુજ્ઞાથી અરિષ્ટનેમિ અરહંત પાસે યાવત્ દીક્ષા લઉં.

ત્યારે ગજસુકુમાલને કૃષ્ણવાસુદેવ તથા માતા-પિતા જ્યારે ઘણાં અનુકૂળ યાવત્ સમજાવવા સમર્થ ન થયા ત્યારે ઈચ્છા વિના [અનુજ્ઞા આપતા] એમ કહ્યું કે — હે પુત્ર ! અમે એક દિવસને માટે પણ તારી રાજ્યશ્રીને જોવા ઈચ્છીએ છીએ. મહાબલની જેમ નિષ્ક્રમણ કહેવું યાવત્ ભગવદ્-આજ્ઞાથી તે-તે પ્રકારે યાવત્ સંયમને વિશે યત્ન કરે છે.

તે ગજસુકુમાલ અણગાર થયા. ઈર્યાસમિત યાવત્ ગુપ્ત બ્રહ્મચારી થયા. પછી તેઓએ દીક્ષાના દિવસે જ મધ્યાહ્ન કાળે અરિષ્ટનેમિ અરહંત પાસે આવ્યા, આવીને ત્રણ વખત આદક્ષિણ-પ્રદક્ષિણા કરી, વંદન-નમસ્કાર કરીને પૂછ્યું — ભગવન્ ! આપની અનુજ્ઞાથી હું મહાકાળ શ્મશાનમાં એકરાત્રિકી મહાપ્રતિમા સ્વીકારીને વિચરવા ઈચ્છુ છું.

હે દેવાનુપ્રિય ! સુખ ઉપજે તેમ કરો. ત્યારે ગજસુકુમાલ અણગારે ભગવંતની અનુજ્ઞા પામીને, તેઓને વંદન-નમન કરીને, ત્યાંથી-સહસ્રામ્રવન ઉદ્યાનથી નીકળ્યા, નીકળીને મહાકાળ શ્મશાને આવ્યા. આવીને સ્થંડિલ પડિલેહી, ઉચ્ચાર-પ્રસ્રવણ ભૂમિને પડિલેહી, કંઈક નમેલી કાયા વડે યાવત્ બંને પગને સાથે રાખી (ઉભા) અને એકરાત્રિકી મહાપ્રતિમા સ્વીકારીને વિચરવા લાગ્યા.

આ વખતે સોમિલ બ્રાહ્મણ સમિધ લેવાને દ્વારવતી નગરીથી બહાર પહેલાથી નીકળેલો, તે સમિધ-દર્ભ-કુશ-પાનને લઈને, ત્યાંથી પાછો વળ્યો.

પછી મહાકાલ શ્મશાનમાં થોડે દૂરથી જતા જતા, સંધ્યાકાળ સમયે મનુષ્યનું ગમનાગમન ઘટ્યુ ત્યારે ત્યાં ગજસુકુમાલ અણગારને જોયા, જોઈને વૈર યાદ આવ્યું, આવવાથી ક્રોધ આદિ યુક્ત થઈને બોલ્યા – ઓ ગજસુકુમાલ ! અપ્રાર્થિત૰ યાવત્ લજ્જારહિત ! મારી પુત્રી અને સોમશ્રી પત્નીની આત્મજા સોમાકન્યા, અદૃષ્ટદોષપતિત, ભોગકાળ વર્તીણીને છોડીને, મુંડ થઈને દીક્ષા લીધી. તો મારે ગજસુકુમાલનું વેર વાળવું ઉચિત છે. એમ વિચાર્યુ.

એમ વિચારીને સર્વે દિશાઓમાં અવલોકન કર્યુ, કરીને ભીની માટી લીધી. લઈને ગજસુકુમાલ અણગાર પાસે આવ્યા. આવીને તેમના મસ્તકે માટીની પાળ બાંધી, બાંધીને સળગતી ચિતામાંથી વિકસિત ખાખરાના પુષ્પ જેવા ખેરના અંગારાને એક ઠીકરામાં ભરીને ગજસુકુમાલ અણગારના માથામાં નાંખ્યા, પછી ભયથી-ત્રાસથી જલ્દીથી ત્યાંથી નીકળ્યો યાવત્ જ્યાંથી આવેલ તે દિશામાં પાછો ગયો.

ત્યારે ગજસુકુમાલના શરીરમાં ઉજ્જ્વલ યાવત્ દુઃસહ વેદના ઉત્પન્ન થઈ. ત્યારે ગજસુકુમાલે સોમિલ બ્રાહ્મણ પ્રતિ મનથી પણ દ્વેષ ન કરતા, તે ઉજ્જ્વલ વેદનાને યાવત્ સહન કરી. ત્યારે તે વેદનાને યાવત્ સહેતા ગજસુકુમાલને શુભ પરિણામ-પ્રશસ્તાધ્યવસાય અને તદાવરક કર્મના ક્ષયથી કર્મરજને દૂર કરતા અપૂર્વકરણમાં પ્રવેશીને અનંત અનુત્તર યાવત્ શ્રેષ્ઠ કેવળ જ્ઞાન-દર્શન ઉત્પન્ન થયા. ત્યારપછી તેઓ સિદ્ધ થયા યાવત્ સર્વ દુઃખથી મુક્ત થયા.

ત્યારે સમીપે રહેલા દેવોએ ‘‘આ મુનિએ સમ્યક્ આરાધના કરી’’ એમ કહી દિવ્ય સુરભિ ગંધોદકની વૃષ્ટિ, પંચવર્ણી પુષ્પ નિપાત, વસ્ત્ર ક્ષેપ, દિવ્ય ગીત-ગંધર્વ-નિનાદ કર્યા.

ત્યારપછી તે કૃષ્ણ વાસુદેવ કાલે, પ્રભાત થતા યાવત્ સૂર્ય ઉગ્યા પછી ન્હાઈ યાવત્ વિભૂષિત થઈ, ઉત્તમ હાથીએ આરૂઢ થઈ, કોરંટ પુષ્પની માળાયુક્ત છત્ર ધારણ કરી, શ્વેત ચામર વડે વીંઝાતા, મહા ભટના વિસ્તારવાળા સમૂહથી વીંટળાઈને, દ્વારાવતી નગરીની મધ્યેથી અરિષ્ટનેમિ અરહંત હતા, ત્યાં જવાને નીકળ્યા. ત્યારે દ્વારવતી નગરીની વચ્ચોવચ્ચથી નીકળતા એક પુરુષને જોયો, તે જીર્ણ, જરા જર્જરિત દેહ યાવત્ ક્લાંત, એક મોટા ઇંટોના ઢગલામાંથી એક-એક ઇંટ લઈને બહારની શેરીમાંથી ઘરમાં પ્રવેશતો જોયો. ત્યારે કૃષ્ણ વાસુદેવે તેની અનુકંપાથી શ્રેષ્ઠ હાથીના સ્કંધે રહીને જ, એક ઇંટ લીધી, લઈને બહારના રથ્યાપથથી ઘરની અંદર પ્રવેશ્યા [ઇંટ મૂકી] ત્યારે કૃષ્ણ વાસુદેવે એક ઇંટ ગ્રહણ કરતા અનેક પુરુષે તે મોટા ઇંટના ઢગલામાંથી બાહ્ય રથ્યામાર્ગથી એક-એક ઇંટ ઘરમાં મૂકી. [ઇંટનો ઢગલો ઘરમાં મૂક્યો]

ત્યારપછી કૃષ્ણ વાસુદેવ દ્વારવતીની મધ્યેથી નીકળી અરહંત અરિષ્ટનેમિ પાસે આવ્યા. યાવત્ વંદન-નમન કરી, ગજસુકુમાલ અણગારને ન જોઈને, અરિષ્ટનેમિ અરહંતને વાંદી-નમીને પૂછ્યું – મારા તે સહોદર નાના ભાઈ





ગજસુકુમાલ અણગાર ક્યાં છે ? તેને હું વંદન-નમન કરું, ત્યારે ભગવંતે કૃષ્ણને કહ્યું – હે કૃષ્ણ ! ગજસુકુમાલ અણગારે આત્મહિત સાધી લીધું છે. ત્યારે કૃષ્ણે, ભગવંતને પૂછ્યું – કઈ રીતે ?૰

ત્યારે અરિષ્ટનેમિ અરહંતે, કૃષ્ણને કહ્યું – હે કૃષ્ણ ! ગઈ કાલે ગજસુકુમાલે મને મધ્યાહ્ન કાળે વાંદી-નમીને કહ્યું – યાવત્ હું સ્વીકારીને વિચરવા ઈચ્છું છું. ત્યારે એક પુરુષ ગજસુકુમાલને જોઈને ક્રોધિત થયો. યાવત્ તે મુનિ સિદ્ધ થયા. એ રીતે હે કૃષ્ણ ! ગજસુકુમાલ અણગારે આત્માર્થને સાધ્યો. ત્યારે કૃષ્ણે, ભગવંતને પૂછ્યું – ભગવન્ ! તે અપ્રાર્થિતનો પ્રાર્થિત યાવત્ લજ્જારહિત પુરુષ કોણ છે ? જેણે મારા સહોદર નાના ભાઈ ગજસુકુમાલને અકાળે જીવિતથી રહિત કર્યા ?

ત્યારે ભગવંતે તેને કહ્યું – હે કૃષ્ણ ! તું તે પુરુષ ઉપર દ્વેષ ન કર. હે કૃષ્ણ ! નિશ્ચે તે પુરુષે ગજસુકુમાલને સહાય આપી છે. ભગવન્ ! તે પુરુષે કઈ રીતે તેને સહાય કરી ? ત્યારે ભગવંતે કહ્યું – હે કૃષ્ણ ! મને પગે પડવા તું જલ્દીથી દ્વારવતી નગરીથી નીકળતો હતો ત્યારે પુરુષને જોયો યાવત્ ઇંટો ઘરમાં મૂકી. જે રીતે તેં તે પુરુષને સહાય આપી, તે રીતે જ હે કૃષ્ણ ! પે’લા પુરુષે ગજસુકુમાલના અનેક ભવ સંચિત લાખો કર્મોની ઉદીરણા કરીને, ઘણાં કર્મોની નિર્જરાર્થે સહાય આપી. ત્યારે કૃષ્ણે, અરિષ્ટનેમિને કહ્યું – તે પુરુષને મારે કેમ જાણવો ? ત્યારે અરિષ્ટનેમિએ કૃષ્ણને કહ્યું – દ્વારવતી નગરીમાં પ્રવેશ કરતા તને જોઈને દરવાજે ઉભેલ જ તે આયુક્ષય થવાથી મૃત્યુ પામશે. તેનાથી તું જાણીશ કે – આ જ તે પુરુષ છે.

ત્યારપછી કૃષ્ણ વાસુદેવ, ભગવંતને વાંદી-નમી, આભિષેક્ય હસ્તિરત્ન પાસે આવ્યા. હાથી ઉપર બેસીને દ્વારવતીમાં પોતાના ઘેર જવા નીકળ્યા. આ તરફ સોમિલ બ્રાહ્મણને બીજે દિવસે યાવત્ સૂર્ય ઉગ્યા પછી, આવા પ્રકારે વિચાર આવ્યો કે – નિશ્ચે કૃષ્ણ વાસુદેવ ભગવંતના પાદવંદનાર્થે નીકળ્યા છે, અરહંતને તો આ વાત જ્ઞાત, વિજ્ઞાત, શ્રુત, શિષ્ટ જ હશે, કૃષ્ણ વાસુદેવને કહી જ હશે, હું જાણતો નથી કે કૃષ્ણ વાસુદેવ મને કેવા કુ-મારથી મારશે. એમ વિચારી ભયભીતાદિ થઈ, પોતાના ઘેરથી નીકળ્યો. દ્વારવતી નગરીમાં પ્રવેશતા, કૃષ્ણની સમક્ષ અને સપ્રતિદિશામાં શીઘ્ર આવ્યો. ત્યારે તે સોમિલ, કૃષ્ણને અચાનક જોતાં ડરી ગયો. ઉભા ઉભા જ, આયુક્ષય થતાં મરીને ત્યાંજ પડ્યો.

ત્યારે કૃષ્ણ વાસુદેવે સોમિલ બ્રાહ્મણને જોઈને કહ્યું – હે દેવાનુપ્રિયો ! આ સોમિલ બ્રાહ્મણ, અપ્રાર્થિતનો પ્રાર્થિત અને લજ્જારહિત છે, જેણે મારા સહોદર નાના ભાઈ ગજસુકુમાલને અકાલે જીવિતથી રહિત કર્યા, એમ કહી સોમિલને ચાંડાળો વડે કઢાવ્યો, તે ભૂમિ ઉપર પાણી છંટાવ્યુ, પછી પોતાના ઘેર આવીને ઘરમાં પ્રવેશ કર્યો.

હે જંબૂ ! આ રીતે૰ આઠમાં અધ્યયનનો આ અર્થ કહ્યો છે.

● **વિવેચન-૧૩ :-**

जहा पढमे - જેમ ત્રીજા વર્ગના પહેલા અધ્યયનમાં કહ્યું છે, તેમ અહીં પણ જાણવું, વિશેષ એ કે - વસુદેવ રાજા હતા. - x - ઉત્ક્ષેપ-ભંતે ! જો અંતકૃદ્દશાના ત્રીજા વર્ગના સાતમા અધ્યયનનો આ અર્થ કહ્યો છે, તો આઠમાનો શો અર્થ કહ્યો છે ? - - સદેશ-સમાન, સરિત્તયા-સદેશત્વચા, સરિવ્વય-સદેશવય, - - ગવલ-ભેંસના શીંગડા, અતસી-ધાન્યવિશેષ, - - કુસુમકુંડલ - ધતુરાના પુષ્પ સમાન આકારનું કર્ણ-આભરણ, ભદ્રક-શોભન. આ બાલ્યાવસ્થાના વિશેષણ છે, અનગાર અવસ્થાશ્રિત નહીં. બીજા કહે છે — દર્ભકુસુમવત્ ભદ્ર - સુકુમાર. નલ-કૂબેર સમાન-વૈશ્રમણના પુત્ર તુલ્ય, આ લોકરૂઢિ વિશેષણ છે.

जं चेव दिवसं - જે દિવસે મુંડ થઈ દીક્ષા લીધી, તે જ દિવસથી અભિગ્રહ કર્યો. कुल - ઘર. ભુજ્જોભુજ્જો - ફરી ફરી. લઘુકરણ-શીઘ્ર ગતિવાળું શ્રેષ્ઠ ધર્મવાહન. - - जहा देवाणंद - જેમ ભગવતી સૂત્રમાં દેવાનંદામાં કહ્યું તેમ. निंदु - મૃત પુત્ર પ્રસવનારી. આગતપ્રશ્નવા-પુત્રના સ્નેહથી સ્તનમાંથી દુધ ઝરવું, પ્રપ્લુતલોચના-આનંદાશ્રુ વડે નેત્રો ભીના થવા, કંચુય પરિક્ખિત-હર્ષની અધિકતાથી શરીર સ્થૂળ થતાં કંચૂડી તુટી જવી. દીર્ઘવલયા - હર્ષ રોમાંચ વડે સ્થૂળતા થવાથી હાથના કડાં ફૂટી ગયા. ધારાહય૦ મેઘની જલધારાથી સીંચિત જે કદંબપુષ્પ, તેની જેમ શરીરના રોમ વિકસ્વર થવા.

अयमब्भत्थिए - આવા પ્રકારનો આત્મવિષયક, ચિંતિત-સ્મરણરૂપ, પ્રાર્થિત-અભિલાષરૂપ, મનોગત-મનોવિકારરૂપ વિકલ્પ. - - धण्णाओ૦ - ધનને લાયક કે પામનારી, અંબા-સ્ત્રીઓ, પુણ્યા-પવિત્રા, કૃતપુણ્યા, કૃતાર્થ-કૃતપ્રયોજના, લક્ષણને સફળ કરનારી. - x - મન્મન-અવ્યક્ત કે કંઈક સ્ખલિત બોલતાં, મુગ્ધક-અતિ અવ્યક્ત વિજ્ઞાનવાળા. - x - મંજુલ-મધુર, પ્રભણિત-બોલતા. અહીં મધુર ઉલ્લાપ અને મધુર વચન એ પુનરુક્તિ છે, પણ દેવકીએ સંભ્રમથી કહેલ હોવાથી દોષરૂપ નથી. - x - એ રીતે હું આમાંના એક પણ બાળકને ન પામી, એમ વિચારી મનના સંકલ્પથી હણાયેલી, જમીન તરફ દૃષ્ટિ રાખી, હથેળીમાં મુખ રાખી વિચારે છે.

धत्तिस्सामि - યત્ન કરીશ. कणीयस - નાનો. जहा अभओ - પહેલા જ્ઞાતમાં અભયકુમારે અઠ્ઠમ કર્યો તેમ કૃષ્ણે કર્યો. વિશેષ એ કે અભયકુમારે મિત્ર દેવ આરાધેલ, કૃષ્ણે હરિણેગમેષી દેવની આરાધના કરી. विइण्ण - દત્ત, આપીશ. तंसितारिसगंसी૦ શય્યાનું વર્ણન છે. सुमिणे पासित्ताण૦ યાવત્ શબ્દથી-હૃષ્ટ, તુષ્ટ થઈ, સ્વપ્નને ગ્રહણ કરે છે, શયનીયના પાદપીઠથી ઉતરી રાજાને કહે છે, તે પુત્રજન્મના ફળને કહે છે, पाढग - સ્વપ્ન પાઠકોને બોલાવે છે. તેઓ પણ તેમ કહે છે. परिवहइ - સુખે સુખે ગર્ભને વહન કરે છે.

जासुमिणे૦ - જપાના પુષ્પ, રાતા બંધુજીવક પુષ્પ, અમ્લાન સુરદ્રુમ વિશેષના પુષ્પ, ઉગતો સૂર્ય તેની પ્રભા - વર્ણ સમાન. કાંત-કમનીય, અભિલાષ યોગ્ય. સૂમાલ-સુકુમાલ હાથ-પગવાળા.



रिउव्वेद - ઋગ્વેદાદિ ચારેના સાંગોપાંગના સારક, ધારક, પારક ઈત્યાદિ કહેવું. - - जहा मेहो૦ પહેલા સાતમાં મેઘકુમાર માતાપિતાને કહે છે, તેમ ગજસુકુમાલ પણ કહે છે. - x - તું અમારો ઈષ્ટ પુત્ર છે, તારો વિયોગ સહેવા અમે ઈચ્છતા નથી, તેથી ભોગો ભોગવ, અમે સ્વર્ગ જઈએ, તું પરિણતવય થઈ, કુલવંશ તંતુ કાર્ય કરી, નિરપેક્ષ થઈ દીક્ષા લેજે. - x - आघवित्तए - કહેવાને.

जहा महाबल - ભગવતી સૂત્રમાં મહાબલના નિષ્ક્રમણ, રાજ્યાભિષેકાદિ કહ્યા છે, તેમ જાવ संजमइ સુધી કહેવું. દીક્ષા પછી તેને ભગવન્ ઉપદેશ આપે છે - આ રીતે જવું - ઉભવું - બેસવું-સુવું - ખાવું-બોલવું, આ રીતે ઉધત થઈ પ્રાણ-ભૂત-જીવ-સત્ત્વની રક્ષામાં યત્ન કરવો, આ વિષયમાં પ્રમાદ ન કરવો, ત્યારે ગજસુકુમાલ, અરિષ્ટનેમિની પાસે આવો ધાર્મિક ઉપદેશ સારી રીતે સ્વીકારે છે, ભગવંતની આજ્ઞા મુજબ તે રીતે ચાલે છે - ઉભે છે - બેસે છે૦ ઈત્યાદિ. દીક્ષાના દિવસે જ ગજસુકુમાલ મુનિએ પ્રતિમા સ્વીકારી, તે સર્વજ્ઞ અરિષ્ટનેમિના ઉપદેશથી હોવાથી અવિરુદ્ધ છે, અન્યથા પ્રતિમા અંગીકાર કરવામાં આ ન્યાય છે - પ્રથમ સંઘયણ, ધૈર્ય વડે યુક્ત, મહાસત્ત્વવાળો, ભાવિતાત્મા સાધુ, ગુરુ આજ્ઞાથી પ્રતિમા અંગીકાર કરી શકે છે, તે સાધુ ગચ્છમાં રહેલ, કિંચિત્ ન્યૂન દશપૂર્વનો જ્ઞાની અથવા જઘન્યથી નવમાં પૂર્વની ત્રીજી વસ્તુ જેટલા શ્રુતનો જ્ઞાતા હોવો જોઈએ.

ईसिपब्भार૦ કંઈક નમેલ મુખવાળો, નીચી લાંબી ભુજા, અનિમેષ નયન, શ્વેત પુદ્ગલે દૃષ્ટિ રાખેલ. સમિધ-ઇંધણ. - x - x - કાલવત્તિણિ-ભોગકાળે વર્તતી, - x - ઉજ્જ્વલ-અતિ, વિપુલ, તીવ્ર, ચંડ આદિ. - x - અપૂર્વકરણ-આઠમું ગુણઠાણું. - - અનંત, અનુત્તર, નિર્વ્યાઘાત આદિ. - x - x - x - ભેદ-આયુઃક્ષયથી - x - x - શિષ્ટ-કૃષ્ણ વાસુદેવને જણાવેલ.

**❁ વર્ગ-૩, અધ્યયન-૯ થી ૧૩ ❁**

**— x — x — x — x —**

● **સૂત્ર-૧૪ :-**

***ઉત્ક્ષેપ૦ જંબૂ ! તે કાળે૦ દ્વારવતીમાં૦ પહેલા મુજબ વિચરે છે. ત્યાં બલદેવ રાજા હતો, ધારિણી રાણી હતી. સીંહનું સ્વપ્ન૦ ગૌતમ કુમારવત્ જાણવું માત્ર સુમુખકુમાર નામ, ૫૦ કન્યા, ૫૦ દાન, ૧૪-પૂર્વ અભ્યાસ, ૨૦ વર્ષ પર્યાય, બાકી પૂર્વવત્. શત્રુંજયે સિદ્ધ થયા. આ પ્રમાણે દુર્મુખ અને કૂપદારક પણ જાણવા. આ ત્રણે બલદેવ અને ધારિણીના પુત્રો હતા. દારુક પણ એમજ છે, તે વસુદેવ-ધારિણીનો પુત્ર છે. એ રીતે અનાધૃષ્ટિ, તે વસુદેવ, ધારિણીનો પુત્ર જ છે. પાંચેનો અધિકાર એક સરખો જ છે.***

**મુનિ દીપરત્નસાગરે કરેલ વર્ગ-૩-ના અધ્યયન-૧ થી ૧૩નો ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ વર્ગ-૪-અધ્યયન-૧ થી ૧૦ ❀

— x — x — x — x —

● **સૂત્ર-૧૫ :-**

*ભંતે ! જો શ્રમણ યાવત્ સંપ્રાપ્ત ભગવંતે ત્રીજા વર્ગનો આ અર્થ કહ્યો, તો ચોથા વર્ગનો શો અર્થ કહ્યો છે ? હે જંબૂ ! શ્રમણ યાવત્ સંપ્રાપ્ત ભગવંતે ચોથા વર્ગનતા દશ અધ્યયનો કહ્યા છે. તે આ છે —*

● **સૂત્ર-૧૬ :-**

*જાલિ, મયાલિ, ઉવયાલિ, પુરુષસેન, વારિષેણ, પ્રદ્યુમ્ન, શાંબ, અનિરુદ્ધ, સત્યનેમિ અને દૃઢનેમિ [આ દશ ''કુમાર''ના દશ અધ્યયનો છે.]*

● **સૂત્ર-૧૭ :-**

*ભંતે ! શ્રમણ ભગવંતે ચોથા વર્ગના દશ અધ્યયનો કહ્યા છે, તો પહેલા અધ્યયનનો શો અર્થ કહ્યો છે ? જંબૂ ! તે કાળે૰ દ્વારવતી નગરી હતી. પ્રથમમાં કહ્યા મુજબ, તેમાં કૃષ્ણ વાસુદેવ યાવત્ રહેલા હતા. તે દ્વારવતીમાં વસુદેવ રાજા, ધારિણી રાણી હતા. ગૌતમકુમાર જેવો જાલિકુમાર નામે પુત્ર હતો, ૫૦ સ્ત્રી પરણ્યો, ૫૦નું દાન આપ્યું, બાર અંગનો અભ્યાસ, ૧૬-વર્ષનો પર્યાય, બાકી બધું ગૌતમકુમારવત્ યાવત્ શત્રુંજયે સિદ્ધિ.*

*આ પ્રમાણે મયાલિ, ઉવયાલિ, પુરુષસેન, વારિષેણને જાણવા. એ રીતે પ્રદ્યુમ્ન પણ છે, માત્ર તેના પિતા કૃષ્ણ, માતા રુકિમણી છે. એ રીતે શાંબ છે, માત્ર માતા જાંબવતી છે, એ રીતે અનિરુદ્ધ છે. માત્ર પિતા પ્રદ્યુમ્ન અને માતા વૈદર્ભી છે. એ રીતે સત્યનેમિ અને દૃઢનેમિ પણ જાણવા. પરંતુ તેના પિતા સમુદ્ર વિજય, માતા શિવા છે.*

*આ બધાં અધ્યયનો એક ગમવાળા છે. ચોથાનો નિક્ષેપ૰*

● **વિવેચન-૧૫ થી ૧૭ :-**

ચોથા વર્ગના ઉક્ત દશ અધ્યયન છે, [વિશેષ વૃત્તિ નથી.]

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**વર્ગ-૪-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## 卐 વર્ગ-૫ 卐

— o — o —

● **સૂત્ર-૧૮,૧૯ :-**

*[૧૮] ભંતે ! જો શ્રમણ યાવત્ સિદ્ધિપ્રાપ્ત ભગવંતે ચોથા વર્ગનો આ અર્થ કહ્યો છે, તો પાંચમાં વર્ગનો૰ શો અર્થ કહ્યો છે ? હે જંબૂ ! શ્રમણ યાવત્ સિદ્ધિ પ્રાપ્તે પાંચમાં વર્ગના દશ અધ્યયનો કહ્યા છે. તે આ - -*



*[૧૯] - - પદ્માવતી, ગૌરી, ગાંધારી, લક્ષ્મણા, સુશીમા, જાંબવતી, સત્યભામા, રુકિમણી, મૂલશ્રી અને મૂલદત્તા.*

### ❀ વર્ગ-૧, અધ્યયન-૧-''પદ્માવતી'' ❀

— x — x — x — x —

● **સૂત્ર-૨૦ :-**

*ભંતે ! જો પાંચમાં વર્ગના દશ અધ્યયનો કહ્યા છે, તો ભંતે ! પહેલા અધ્યયનનો શો અર્થ છે ? હે જંબૂ ! તે કાળે, તે સમયે દ્વારવતી નગરી હતી, પહેલા અધ્યયનવત્ યાવત્ કૃષ્ણવાસુદેવ યાવત્ વિચરતા હતા. ત્યારે કૃષ્ણની પદ્માવતી રાણી હતી. તે કાળે૰ અરિષ્ટનેમિ અરહંત પધાર્યા યાવત્ વિચરે છે. કૃષ્ણ નીકળ્યા યાવત્ પર્યુપાસે છે.*

*ત્યારે પદ્માવતી રાણી, આ વૃત્તાંત જાણીને હર્ષિત થઈ, દેવકી માફક યાવત્ પર્યુપાસે છે. ત્યારે અરિષ્ટનેમિએ કૃષ્ણ વાસુદેવ, પદ્માવતી રાણી આદિને ધર્મકથા કહી, પર્ષદા પાછી ગઈ. ત્યારે કૃષ્ણે, ભગવંતને વાંદી-નમીને એમ પૂછ્યું — ભગવન્ ! આ દ્વારવતી નગરી નવયોજન વિસ્તારવાળી યાવત્ દેવલોક સમાન છે, તેનો વિનાસ ક્યા નિમિત્તે થશે ?*

*કૃષ્ણને સંબોધીને અરિષ્ટનેમિએ કૃષ્ણવાસુદેવને કહ્યું — હે કૃષ્ણ ! નવયોજન યાવત્ દેવલોકરૂપ આ દ્વારવતી સુરા-અગ્નિ-દ્વિપાયનના નિમિત્તે નાશ થશે. અરિષ્ટનેમિ અરહંત પાસે કૃષ્ણ વાસુદેવે આમ સાંભળી, અવધારીને આમ વિચાર્યું કે — તે જાલિ, મયાલિ, પુરુષસેન, વારિષેણ, પ્રદ્યુમ્ન, શાંબ, અનિરુદ્ધ, દૃઢનેમિ, સત્યનેમિ આદિ કુમારો ધન્ય છે, જેમણે હિરણ્યને ત્યજીને યાવત્ પરિભાગ કરીને અરિષ્ટનેમિ પાસે મુંડ થઈ યાવત્ પ્રવ્રજ્યા લીધી. હું અધન્ય, અકૃત્પુન્ય, રાજ્ય યાવત્ અંતઃપુરમાં અને માનુષી કામભોગોમાં મૂર્છિતાદિ છું, ભગવંત પાસે દીક્ષા લેવામાં સમર્થ નથી.*

*કૃષ્ણને સંબોધીને અરિષ્ટનેમિએ, કૃષ્ણને કહ્યું — નિશ્ચે હે કૃષ્ણ ! તને આ વિચાર થયો કે — ધન્ય છે તે યાવત્ દીક્ષા લીધી છે, તો નિશ્ચે હે કૃષ્ણ ! આ અર્થ સત્ય છે ? - - હા, છે. હે કૃષ્ણ ! એવું થયું નથી - થતું નથી - થશે પણ નહીં કે વાસુદેવો હિરણ્યાદિ તજીને યાવત્ દીક્ષા લે છે. - - ભગવન્ ! એમ કેમ કહો છો ? યાવત્ દીક્ષા ન લે.*

*કૃષ્ણને સંબોધીને અરિષ્ટનેમિ અરહંતે કહ્યું — હે કૃષ્ણ ! બધાં જ વાસુદેવો પૂર્વભવે નિયાણું કરેલ હોય છે. તેથી આમ કહ્યું કે યાવત્ દીક્ષા ન લે. ત્યારે કૃષ્ણવાસુદેવે, ભગવંતને કહ્યું — હું અહીંથી મરીને ક્યાં જઈશ ? ત્યારે ભગવંતે કહ્યું — હે કૃષ્ણ ! નિશ્ચે દ્વારવતીનગરી, દ્વૈપાયનદેવના કોપથી બળી જશે, ત્યારે માતા, પિતા, સ્વજન રહિત થયેલ તમે રામ બળદેવની સાથે દક્ષિણ સમુદ્રી કિનારે રહેલ પાંડુ મથુરા નગરી તરફ યુધિષ્ઠિર આદિ પાંડુ રાજાના પુત્રો, પાંચે પાંડવોની પાસે જવા નીકળશો. માર્ગમાં કૌશાંબીના અરણ્યમાં*

*શ્રેષ્ઠ ન્યગ્રોધ વૃક્ષની નીચે પૃથ્વીશિલાપટ્ટકે પીળા વસ્ત્રથી આચ્છાદિત શરીરે સુતા હશો, ત્યારે જરાકુમારે ધનુષ્યમાંથી છોડેલા તીક્ષ્ણ બાણ વડે ડાબા પગમાં વિંધાઈને કાળમાસે કાળ કરી ઉજ્જ્વલ વેદનાવાળી વાલુકપ્રભા નામે ત્રીજી નરક પૃથ્વીમાં નૈરયિકપણે ઉત્પન્ન થશો.*

*ત્યારે કૃષ્ણ વાસુદેવે, અરિષ્ટનેમિ અરહંતના આ અર્થને સાંભળી, અવધારીને અપહત યાવત્ વિચારે છે. ત્યારે ભગવંતે કૃષ્ણને કહ્યું – હે દેવાનુપ્રિય ! તું અપહત યાવત્ ચિંતામગ્ન ન થા. તું નિશ્ચે ત્રીજી પૃથ્વીથી નીકળી અનંતર ઉદ્વર્તીને આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં આગામી ઉત્સર્પિણીમાં પુંડ્ર દેશમાં શતદ્વાર નગરમાં બારમાં "અમમ" નામે તીર્થંકર થશો. ત્યાં તમે ઘણાં વર્ષો કેવલિપર્યાય પાળી સિદ્ધ થશો.*

*ત્યારે કૃષ્ણ વાસુદેવ, અરિષ્ટનેમિની પાસે આ અર્થ સાંભળી, અવધારી, હૃષ્ટ-તુષ્ટ થઈ, આસ્ફોટન કર્યુ, કુદકો માર્યો, ત્રણ પગલાંરૂપ ન્યાસ કર્યો, સીંહનાદ કર્યો. કરીને ભગવંતને વંદન-નમન કર્યુ, કરીને તે જ આભિષેક્ય હસ્તિ ઉપર બેસીને દ્વારવતી નગરીમાં પોતાને ઘેર આવ્યો. અભિષેક હસ્તિરત્નથી ઉતર્યો, બાહ્ય ઉપસ્થાન શાળામાં પોતાના સીંહાસન પાસે આવ્યો, આવીને સીંહાસન ઉપર પૂર્વાભિમુખ થઈ બેઠો, બેસીને કૌટુંબિક પુરુષોને બોલાવીને આ પ્રમાણે કહ્યું –*

*હે દેવાનુપ્રિયો ! તમે જાઓ અને દ્વારવતીનગરીના શ્રૃંગાટકાદિએ યાવત્ ઉદ્‌ઘોષણા કરતા આમ કહો કે – હે દેવાનુપ્રિયો ! નવયોજન લાંબી યાવત્ દેવલોકભૂત આ દ્વારવતી નગરી સૂરા-અગ્નિ-દ્વૈપાયન નિમિત્તે વિનાશ પામવાની છે. તો દ્વારવતીના જે કોઈ રાજા, યુવરાજ, ઈશ્વર, તલવર, માડંબિક, કૌટુંબિક, ઇભ્ય, શ્રેષ્ઠી, રાણી, કુમાર કે કુમારી અરિહંત અરિષ્ટનેમિની પાસે મુંડ થઈ યાવત્ દીક્ષા લેવા ઈચ્છે, તેને વાસુદેવ કૃષ્ણ રજા આપશે. પાછળ રહેલા પીડા પામતાને પૂર્વે હોય તેવી આજીવિકા અપાશે પણ હરી નહીં લેવાય, મહા ઋદ્ધિ-સત્કારના સમુદાય વડે દીક્ષા મહોત્સવ કરશે, એવી ઉદ્‌ઘોષણા બે-ત્રણ વખત કરાવો. પછી મારી આ આજ્ઞા પાછી સોંપો. કૌટુંબિક પુરુષોએ યાવત્ આજ્ઞા સોંપી.*

*ત્યારે તે પદ્માવતી દેવી, અરિષ્ટનેમિ અરહંત પાસે ધર્મ સાંભળી, સમજી, હૃષ્ટ-તુષ્ટ યાવત્ હૃદયી થઈ ભગવંતને વાંદી-નમીને કહે છે – ભગવન્ ! નિર્ગ્રન્થ પ્રવચનની હું શ્રદ્ધા કરું છું. યાવત્ આપજે કહો છો૦ વિશેષ એ કે – કૃષ્ણ વાસવુદેવની રજા લઉં. પછી હું આપની પાસે મુંડ થઈ યાવત્ દીક્ષા લઈશ. - - યથા સુખં૦ - -*

*પછી પદ્માવતી દેવી ધાર્મિક યાનપ્રવરમાં બેઠી, બેસીને દ્વારવતી નગરીએ આવી, આવીને ધાર્મિક યાનથી ઉતરી, ઉતરીને કૃષ્ણ વાસુદેવ પાસે આવી, બે હાથ જોડીને કહ્યું – હે દેવાનુપ્રિય ! આપની અનુજ્ઞા પામીને હું અરિષ્ટનેમિ અરહંત પાસે યાવત્ દીક્ષા લેવાને ઈચ્છુ છું. - - યથાસુખં - - પછી કૃષ્ણે*



*કૌટુંબિકોને બોલાવીને કહ્યું – જલ્દી પદ્માવતીદેવી માટે મહાર્થ નિષ્ક્રમણાભિષેક તૈયાર કરો. કરીને મારી આજ્ઞા પાછી સોંપો. તેઓએ યાવત્ આજ્ઞા પાછી સોંપી.*

*ત્યારે કૃષ્ણ વાસુદેવે પદ્માવતી દેવીને પાટે સ્થાપી, ૧૦૮ સુવર્ણ કળશ યાવત્ મહાનિષ્ક્રમણાભિષેકથી અભિષેક કર્યો. કરીને સર્વાલંકારથી વિભૂષિત કરી, પછી સહસ્રપુરુષ વાહિની શિબિકા રચાવીને, તેણીને બેસાડીને દ્વારવતીનગરીના મધ્યેથી નીકળ્યા, રૈવતક પર્વતે સહસ્રામ્રવન ઉધાનમાં આવ્યા. શિબિકા સ્થાપી, પદ્માવતીને શિબિકામાંથી ઉતારી, પછી અરિષ્ટનેમિ અરહંત પાસે આવ્યા. આવીને ત્રણ વખત પ્રદક્ષિણા કરી, વાંદી-નમીને કહ્યું –*

*ભગવન્ ! આ મારી અગ્રમહિષી પદ્માવતી રાણી, ઈષ્ટા કાંતા પ્રિયા મનોજ્ઞા મણામા અભિરામા યાવત્ દર્શનનું કહેવું શું ? હે દેવાનુપ્રિય ! આપને શિષ્યા ભિક્ષા આપું છું, આપ સ્વીકાર કરો. - - યથાસુખં - - ત્યારે પદ્માવતી ઈશાન ખૂણામાં જઈ, સ્વયં જ આભરણ અલંકાર ઉતાર્યા, સ્વયં જ પંચમુષ્ટિક લોચ કર્યો. કરીને અરિષ્ટનેમિ અરહંત પાસે આવી, વંદન-નમન કરીને કહ્યું – આ લોક આદિપ્ત છે યાવત્ ધર્મ કહો. ત્યારે ભગવંતે પદ્માવતીદેવીને સ્વયં જ પ્રવજ્યા આપી, મુંડ કરીને યક્ષિણી આર્યાને શિષ્યા રૂપે સોંપી, પછી યક્ષિણી આર્યાએ પદ્માવતીને સ્વયં દીક્ષા આપી યાવત્ યત્ન કરવો૦ ત્યારપછી પદ્માવતી યાવત્ સંયમ વિશે યત્ન કરે છે.*

*પછી તે પદ્માવતી આર્યા થઈ, ઈર્યાસમિતા યાવત્ ગુપ્ત બ્રહ્મચારિણી થઈ. પદ્માવતી આર્યા, યક્ષિણી આર્યા પાસે સામાયિક આદિ ૧૧-અંગો ભણ્યા. ઘણાં ઉપવાસ, છઠ્ઠ૦ વિવિધ તપ૦ ભાવિત કરતા વિચરે છે. પછી પદ્માવતી આર્યા, પ્રતિપૂર્ણ વીસ વર્ષ શ્રામણ્ય પર્યાય પાળીને માસિકી સંલેખનાથી આત્માને ઝોષિત કરીને સાઈઠ ભક્તોને અનશન વડે છેદીને, જે હેતુથી નગ્નભાવ ધારણ કરેલ, તે અર્થને આરાધી, છેલ્લા શ્વાસે સિદ્ધ થયા.*

**● વિવેચન-૨૦ :-**

પાંચમાં વર્ગમાં દશ અધ્યયનો છે, તેમાં પહેલામાં :- सुरग्गिदीवायणमूलाए - મધ, કુમારોને ઉન્મત્તતાનું કારણ, અગ્નિકુમાર દેવ, દ્વૈપાયન-દારુ પીને ઉન્મત્ત કુમારો વડે પીડિત, નિયાણું કરેલો બાલ તપસ્વી. તે વિનાશના મૂળ કારણો છે.

પુઢવી-પૃથ્વીશિલાપટ્ટક, પીયવત્થ-પીળા વસ્ત્રથી આચ્છાદિત શરીર. तिवइ - ત્રિપદી-મલ્લની જેમ રંગભૂમિમાં ત્રણ પગલાં વિન્યાસ વિશેષ કરે છે. યુવરાજ-રાજ્યને યોગ્ય, ઈશ્વર-અમાત્યાદિ, તલવર-રાજવલ્લભ, માડંબિક-મડંબ નામે સંનિવેશ વિશેષનો સ્વામી, કૌટુંબિક-બે, ત્રણ આદિ કુટુંબનો નેતા. - x -

पच्छाउर - દીક્ષા લેનારે પાછળ મૂકેલ કુટુંબકના નિર્વાહ માટે પીડાયુક્ત માનસવાળાને પૂર્વે પ્રરૂપિત આજીવિકા પૂર્વવત્ દેવી. પણ પ્રવ્રજિતની પાછળ રહેલા કુટુંબી પાસેથી તેનું હરણ ન કરવું.. किमंगं पुण० ઉદુંબર પુષ્પ માફક સાંભળવું પણ દુર્લભ છે, તો જોવાની તો વાત જ શું ? - - आलित्तेणं० ભગવન્ ! આ લોક આદીપ્ત

છે, પ્રદીપ્ત છે, જરા-મરણથી આદીપ્ત-પ્રદીપ્ત છે, તેથી હું ઈચ્છું છું કે આપ સ્વયં દીક્ષા આપો, આચાર-ગોચરાદિની શિક્ષા, ધર્મને કહો - x -

ઈર્યાસમિતિ૦ ભાષાસમિતિ આદિ લેવા. મણગુત્તા૦ વચન ગુપ્તા, ગુપ્ત બ્રહ્મચારિણી આદિ. - x - x - जस्सट्ठाए० યાવત્ શબ્દથી નગ્નભાવ, મુંડભાવ, કેશલોચ, બ્રહ્મચર્યવાસ, અસ્નાનક, અછત્રક, અનુપાનહ, ભૂમિશય્યા, ફલકશય્યા, પરગૃહ પ્રવેશ, પ્રાપ્ત-અપ્રાપ્ત માન-અપમાનમાં સમપણું, બીજા દ્વારા થતી હીલણા, નિંદણા, ખિંસણા આદિ, પરીષહોપસર્ગાદિને સહેવા.

### ❀ વર્ગ-૫-અધ્યયન-૨ થી ૮ ❀
— x — x — x — x —

● **સૂત્ર-૨૧ :-**

*તે કાળે, તે સમયે દ્વારવતીનગરી, રૈવતક ઉધાન, નંદનવન ઉધાન હતું. દ્વારવતીમાં કૃષ્ણ વાસુદેવ રાજા, તેને ગૌરી રાણી, અરિષ્ટનેમિ૦ પધાર્યા, કૃષ્ણ નીકળ્યા, પદ્માવતી માફક ગૌરી પણ નીકળી, ધર્મકથા કહી, પર્ષદા પાછી ગઈ, કૃષ્ણ પણ ગયો. ત્યારે પદ્માવતી માફક ગૌરીએ પણ દીક્ષા લીધી યાવત્ સિદ્ધપદ પામ્યા. એ પ્રમાણે ગાંધારી, લક્ષ્મણા, સુશીમા, જાંબવતી, સત્યભામા, રુકિમણીને જાણવા... આઠે અધ્યયનો પદ્માવતી સમાન જાણવા.*

● **વિવેચન-૨૧ :-**

આઠેની વક્તવ્યતા પદ્માવતી સમાન છે, આઠે અધ્યયન વાસુદેવની રાણીના છે, હવેના બે વાસુદેવની પુત્રવધૂના છે.

### ❀ વર્ગ-૫, અધ્યયન-૯,૧૦ ❀
— x — x — x — x —

● **સૂત્ર-૨૨ :-**

*તે કાળે, તે સમયે દ્વારવતીનગરી, રૈવતક પર્વત, નંદનવન ઉધાન, કૃષ્ણ રાજા હતો. તે નગરીમાં કૃષ્ણ વાસુદેવના પુત્ર, જાંબવતી રાણીના આત્મજ શાંબ નામે કુમાર હતા. તે શાંબકુમારને મૂલશ્રી પત્ની હતી. અરિષ્ટનેમિ અરહંત પધાર્યા, કૃષ્ણ નીકળ્યા, મૂલશ્રી નીકળી, પદ્માવતી માફક દીક્ષા લીધી. - x - યાવત્ સિદ્ધ પદ પામી. આ પ્રમાણે મૂલદત્તા પણ જાણવી.*

● **વિવેચન-૨૨ :-**

પાંચમાં વર્ગનો નિક્ષેપો કહેવો.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**વર્ગ-૫-નો ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**



## 卐 વર્ગ-૬ 卐
— ૦ — ૦ —

● **સૂત્ર-૨૩ થી ૨૫ :-**

*[૨૩] છઠ્ઠાનો ઉત્ક્ષેપ૦ સોળ અધ્યયનો કહેવા, તે આ — [૨૪] મંકાતિ, કિંકમ, મુદ્‌ગરપાણિ, કાશ્યપ, ક્ષેમક, ધૃતિધર, કૈલાસ, હરિચંદન... [૨૫] વારત્ત, સુદર્શન, પૂર્ણભદ્ર, સુમનભદ્ર, સુપ્રતિષ્ઠ, મેઘ, અતિમુક્ત અને અલક્ષ. આ સોળ અધ્યયનો છે.*

● **વિવેચન-૨૩ થી ૨૫ :-**

છઠ્ઠાનો ઉત્ક્ષેપ અને બે શ્લોક વડે આઠ-આઠ નામો કહ્યા.

### ❀ વર્ગ-૬, અધ્યયન-૧,૨ ❀
— x — x — x — x —

● **સૂત્ર-૨૬ :-**

*ભંતે ! જો સોળ અધ્યયન કહ્યા છે, તો પહેલા અધ્યયનનો શો અર્થ કહ્યો છે ? નિશ્ચે હે જંબૂ ! તે કાળે, તે સમયે રાજગૃહનગર, ગુણશીલ ચૈત્ય, શ્રેણિક રાજા, મંકાતી નામે ગાથાપતિ વસતો હતો, તે આઢ્ય યાવત્ પરિભૂત હતો. તે કાળે, તે સમયે આદિકર શ્રમણ ભગવંત મહાવીર ગુણશીલ ચૈત્યે યાવત્ વિચરતા હતા. પર્ષદા નીકળી. ત્યારે તે મંકાતી ગાથાપતિએ આ વૃત્તાંત પ્રાપ્ત થતાં, ભગવતી સૂત્રોક્ત ગંગદત્ત માફક કહેવું, તેની જેમજ મંકાતીએ મોટા પુત્રને કુટુંબમાં સ્થાપી, સહસ્રપુરુષ-વાહિની શિબિકામાં નીકળ્યો યાવત્ ઇર્યાસમિત૦ આદિ અણગાર થયા.*

*ત્યારપછી મંકાતી અણગાર, શ્રમણ ભગવંત મહાવીરના તથારૂપ સ્થવિરો પાસે સામાયિક આદિ અગિયાર અંગો ભણ્યા. બાકી બધું સ્કંદક માફક જાણવું. ગુણરત્ન તપ કર્યો. સોળ વર્ષનો પર્યાય હતો. તે રીતે જ વિપુલ પર્વતે સિદ્ધ થયા. - - કિંકમ પણ યાવત્ વિપુલ પર્વતે સિદ્ધ થયા.*

### ❀ વર્ગ-૬-અધ્યયન-૩ ❀
— x — x — x — x —

● **સૂત્ર-૨૭ :-**

*તે કાળે, તે સમયે રાજગૃહનગર, ગુણશીલ ચૈત્ય, શ્રેણિક રાજા, ચેલ્લણા રાણી હતી. રાજગૃહમાં અર્જુન માલાકાર રહેતો હતો, આઢ્ય યાવત્ અપરિભૂત હતો. તે અર્જુન માલાકારને બંધુમતી નામે સુકુમાર૦ પત્ની હતી. તે અર્જુનને રાજગૃહ બહાર એક મોટું પુષ્પ-ઉધાન હતું. તે કૃષ્ણ યાવત્ મેઘ સમૂહવત્ હતું. પંચવર્ણી પુષ્પોથી કુસુમિત, પ્રાસાદીયાદિ હતું. તે પુષ્પ ઉધાનથી થોડે દૂર, તે અર્જુનના બાપ, દાદા, પરદાદાના પર્યાયથી આવેલ અનેક કુલ પુરુષની પરંપરાથી આવેલ મુદ્‌ગરપાણિયક્ષનું યક્ષાયતન હતું, તે જૂનું, દિવ્ય, જેના હાથમાં એક મોટો હજાર પલનો લોહમય મુદ્‌ગર લઈને રહેલ હતી. - - તે અર્જુન માલાકાર*

બાલ્યાવસ્થાથી તેનો ભક્ત હતો.

તે હંમેશાં વાંસની છાબડી લઈને રાજગૃહથી નીકળતો અને પુષ્પ ઉધાનમાં આવીને પુષ્પો ચુંટતો હતો. ચુંટીને અગ્ર અને શ્રેષ્ઠ પુષ્પોને લેતો. પછી મુદ્ગરપાણિના યક્ષાયતને આવીને તેની મહાર્હ પુષ્પાર્ચા કરતો. કરીને પગને પૃથ્વીએ નમાવી પ્રણામ કરતો. પછી રાજમાર્ગમાં આજીવિકા કરતો હતો. તે રાજગૃહમાં લલિતા નામે એક ટોળી હતી. આઢ્ય યાવત્ પરિભૂત અને “યત્કૃત્ સુકૃતા” હતી. રાજગૃહે કોઈ દિવસે મહોત્સવ ઘોષણા થઈ.

ત્યારે તે અર્જુનમાળી કાલે ઘણાં જ પુષ્પોનું કામ પડશે, એમ માની પ્રાતઃકાળમાં બંધુમતી સાથે વાંસની છાબડી લઈને, પોતાના ઘેરથી નીકળ્યો, નીકળીને રાજગૃહ મધ્યેથી જઈને પુષ્પ-ઉધાને આવે છે. આવીને બંધુમતી સાથે પુષ્પો ચુંટે છે, તે લલીતા મંડળીના છ ગોષ્ઠિક પુરુષો મુદ્ગરપાણિ યક્ષના યક્ષાયતને આવ્યા અને રમણ કરતા ત્યાં રહ્યા.

ત્યારે અર્જુનમાળીએ બંધુમતી સાથે પુષ્પો એકઠા કરીને, અગ્ર અને શ્રેષ્ઠ પુષ્પો લઈને મુદ્ગરપાણિ યક્ષના યક્ષાયતને આવ્યા. પછી છ ગોષ્ઠિક પુરુષોએ અર્જુનને બંધુમતી સાથે આવતો જોયો. જોઈને પરસ્પર આમ કહ્યું – અર્જુનમાળી, બંધુમતી સાથે અહીં જલ્દી આવે છે, આપણે ઉચિત છે કે – આપણે અર્જુનમાળીને અવકોટક બંધન કરીને બંધુમતી સાથે વિપુલ ભોગ ભોગવતા રહીએ. એમ કહી આ અર્થને પરસ્પર સ્વીકાર્યો. પછી બારણાના અંતરમાં સંતાઈ ગયા, નિશ્ચલ-નિષ્પંદ-મૌન-પ્રચ્છન્ન રહ્યા.

પછી અર્જુનમાળી, બંધુમતી સાથે મુદ્ગર યક્ષાયતને આવ્યો, આવીને દર્શન થતાં જ પ્રણામ કર્યા, મહાર્હ પુષ્પ પૂજા કરી, ઘુંટણથી પગે પડી પ્રણામ કર્યા. ત્યારે છ એ ગોષ્ઠિક પુરુષો જલ્દી-જલ્દી દ્વારાંતરથી નીકળ્યા, અર્જુન માળીને પકડીને અવકોટક બંધન કર્યો. બંધુમતિ માલણ સાથે વિપુલ ભોગ ભોગવતા રહ્યા. ત્યારે અર્જુન માળીને આવો વિચાર આવ્યો કે હું બચપણથી આ પૂજ્ય મુદ્ગરપાણિ યક્ષની રોજ પૂજા કરી યાવત્ આજીવિકા કરતો વિચરું છું, તેથી જો મુદ્ગરપાણિ યક્ષ અહીં સાંનિધ્યપણે હોત તો શું મને આવી આપત્તિમાં પળેલો જોઈ રહે ? તેથી મુદ્ગરપાણિ યક્ષ અહીં સાંનિધ્યપણે નથી, આ સ્પષ્ટ કાષ્ઠ રૂપ જ જણાય છે.

ત્યારે મુદ્ગરપાણિ યક્ષે અર્જુનમાળી ના આવા વિચારને જાણીને યાવત્ અર્જુનના શરીરમાં પ્રવેશીને તડતડ કરતાં બંધનો છેદી નાંખ્યા, તે સહસ્રપલ નિષ્પન્ન લોહમય મુદ્ગરને ગ્રહણ કર્યો, કરીને તે છ પુરુષ અને સાતમી સ્ત્રી, સાતેનો ઘાત કર્યો. પછી તે અર્જુન માળી મુદ્ગરપાણિ યક્ષ વડે અધિષ્ઠિત થઈ રાજગૃહની બહાર રોજેરોજ છ પુરુષો અને સાતમી સ્ત્રીનો ઘાત કરતો વિચરવા લાગ્યો.

રાજગૃહના શ્રૃંગાટક યાવત્ મહાપથ-માર્ગોમાં ઘણાં લોકો એકબીજાને



આમ કહેતા હતા – હે દેવાનુપ્રિયો ! અર્જુનમાળી, મુદ્ગરપાણિ યક્ષ વડે અધિષ્ઠિત થઈ રાજગૃહ બહાર રોજ છ પુરુષ અને સાતમી સ્ત્રીનો ઘાત કરતો વિચરે છે.. શ્રેણિક રાજા આ વૃત્તાંત જાણીને, કૌટુંબિક પુરુષોને બોલાવીને કહ્યું – અર્જુન માળી યાવત્ હણતો યાવત્ વિચરે છે, તો તમે કોઈ કાષ્ઠ-તૃણ-પાણી-પુષ્પ-ફળને લેવા માટે યથેષ્ટ ન નીકળવું, જેથી તમારા શરીરનો વિનાશ ન થાઓ. આ પ્રમાણે બે-ત્રણ વખત ઘોષણા કરાવો, કરાવીને જલ્દી મારી આજ્ઞા પાછી સોંપો, તેઓએ યાવત્ સોંપી.

તે રાજગૃહમાં સુદર્શન નામે આઢ્ય શ્રેષ્ઠી રહેતો હતો. તે શ્રાવક થયેલો, જીવાજીવને જાણતો યાવત્ વિચરે છે. તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીર યાવત્ પધાર્યા. રાજગૃહના શ્રૃંગાટકાદિએ ઘણાં લોકો આમ કહેવા લાગ્યા યાવત્ વિપુલ અર્થ ગ્રહણનું તો કહેવું જ શું ? આ પ્રમાણે તે સુદર્શને ઘણાં લોકો પાસે આ વૃત્તાંત સાંભળીને અવધારીને આમ વિચાર્યુ કે – નિશ્ચે ભગવંત મહાવીર યાવત્ વિચરે છે, હું ત્યાં જઉં, વંદન કરું, આમ વિચારી, માતા-પિતા પાસે આવીને, બે હાથ જોડીને આમ કહ્યું – હે માતાપિતા ! ભગવંત યાવત્ પધાર્યા છે, તો હું જઉં, તેઓને વાંદીને યાવત્ પર્યુપાસના કરું.

ત્યારે સુદર્શન શ્રેષ્ઠીને માતા-પિતાએ કહ્યું – હે પુત્ર ! અર્જુનમાળી યાવત્ હણતો વિચરે છે, તો તું ભગવંત મહાવીરના વંદનાર્થે ન નીકળે, જેથી તારા શરીરને કોઈ આપત્તિ ન થાય, તું અહીં રહીને ભગવંતને વંદન-નમન કર. ત્યારે સુદર્શને, માતાપિતાને કહ્યું – હે માતાપિતા ! ભગવંત અહીં આવ્યા છે - પ્રાપ્ત થયા છે - સમોસર્યા છે તો અહીં રહીને કેમ વાંદુ ? તો હું આપની અનુજ્ઞા પામીને ભગવંત મહાવીરના વંદનાર્થે જઉં. પછી સુદર્શનને, માતાપિતા જ્યારે ઘણાં વચનો વડે તેને રોકવાને સમર્થ ન થયા, ત્યારે કહ્યું – “સુખ ઉપજે તેમ કર.”

ત્યારપછી સુદર્શને માતા-પિતાની અનુજ્ઞા પામીને, સ્નાન કરી, શુદ્ધાત્મા થઈ, ઉત્તમ વેશ પહેરી યાવત્ શરીર શણગારી, પોતાના ઘેરથી નીકળ્યો, પગે ચાલીને રાજગૃહ મધ્યેથી નીકળે છે, પછી મુદ્ગરપાણિ યક્ષના યક્ષાયતનની સમીપથી ગુણશીલ ચૈત્યે ભગવંત પાસે જવા નીકળ્યો. ત્યારે મુદ્ગરપાણિયક્ષે સુદર્શન શ્રાવકને સમીપથી પસાર થતો જોયો, જોઈને ક્રોધિતાદિ થઈને, તે સહસ્રપલ નિષ્પન્ન લોહમય મુદ્ગરને ઉછાળતો-ઉછાળતો સુદર્શન તરફ જવા નીકળ્યો.

ત્યારે સુદર્શન શ્રાવકે મુદ્ગરપાણિ યક્ષને આવતો જોઈને ભય-ત્રાસ-ઉદ્વેગ-ક્ષોભ-ચલન-સંભ્રાંત રહિત થઈ, વસ્ત્રના છેડાથી ભૂમિને પ્રમાર્જીને બે હાથ જોડી૦ કહ્યું – અરહંત યાવત્ સિદ્ધિ પ્રાપ્તને નમસ્કાર થાઓ, શ્રમણ ભગવંત યાવત્ મોક્ષ પામવા ઈચ્છતા મહાવીરને નમસ્કાર થાઓ, પૂર્વે મેં ભગવંત મહાવીર પાસે સ્થૂલ પ્રાણાતિપાત-મૃષાવાદ-અદત્તાદાન-સ્વદારા સંતોષ-ઈચ્છાપરિણામ

વ્રત જાવજીવ માટે પચ્ચક્ખાણ કરેલ છે. અત્યારે પણ તેમની જ સમીપે સર્વથા પ્રાણાતિપાત યાવત્ પરિગ્રહને જાવજીવ માટે પચ્ચક્ખું છું, સર્વે અશન-પાન-ખાદિમ-સ્વાદિમ રૂપ ચતુર્વિધ આહારને જાવજીવ માટે પચ્ચક્ખું છું. જો કદાચ હું આ ઉપસર્ગથી મુક્ત થાઉં, તો મારે પારવું કલ્પે, જો આ ઉપસર્ગથી મુક્ત ન થાઉં તો મારા પચ્ચક્ખાણ તેમ જ હો. સાગાર પ્રતિમા સ્વીકારી.

ત્યારે તે મુદ્‌ગરપાણિ યક્ષ, તે સહસ્રપલ નિષ્પન્ન લોહમય મુદ્‌ગરને ઉછાળતો-ઉછાળતો સુદર્શન શ્રાવક પાસે આવ્યો. પણ સુદર્શન શ્રાવકના તેજથી તેનો પરાભવ કરવા સમર્થ ન થયો. ત્યારે તે યક્ષ સુદર્શન શ્રાવકની ચોતરફ ફરતો ફરતો સુદર્શનના તેજથી તેનો પરાભવ કરવા શક્તિમાન ન થયો, ત્યારે સુદર્શનની સન્મુખ. સપ્રતિદિશિ રહીને સુદર્શનને અનિમેષ દૃષ્ટિએ દીર્ઘકાળ નિરખે છે, નિરખીને અર્જુન માળીના શરીરનો ત્યાગ કર્યો, તે સહસ્રપલ નિષ્પન્ન લોહમય મુદ્‌ગર લઈને જે દિશાથી આવ્યો હતો, તે દિશામાં ચાલ્યો ગયો. ત્યારે અર્જુનમાળી, મુદ્‌ગરપાણિ યક્ષથી મુક્ત થઈને સર્વાંગથી ધસ્ કરતો ભૂમિ ઉપર પડ્યો.

ત્યારપછી સુદર્શન શ્રાવકે નિરુપસર્ગ થયો, જાણીને પ્રતિમા પારી, પછી અર્જુનમાળી મુહુર્ત્તમાં આશ્વસ્ત થઈને ઉઠ્યો, ઉઠીને સુદર્શનને પૂછ્યું – દેવાનુપ્રિય ! કોણ છો ? ક્યાં જાઓ છો ? ત્યારે સુદર્શને અર્જુનમાલીને કહ્યું – દેવાનુપ્રિય ! હું સુદર્શન નામક જીવાજીવનો જ્ઞાતા શ્રાવક છું, ગુણશીલ ચૈત્યે ભગવંત મહાવીરને વાંદવા જાઉં છું. ત્યારે અર્જુનમાલીએ સુદર્શનને કહ્યું – હું પણ તમારી સાથે ભગવંતને વંદન માટે યાવત્ પર્યુપાસનાર્થે આવવા ઈચ્છું છું. - - સુખ ઉપજે તેમ કર. –

ત્યારે સુદર્શન, અર્જુનમાળી સાથે ગુણશીલ ચૈત્યે શ્રમણ ભગવંત મહાવીર પાસે આવ્યો, પછી - x - ભગવંતને ત્રણ વખત યાવત્ પર્યુપાસે છે. પછી ભગવંતે સુદર્શનને, અર્જુનમાળીને, તે પર્ષદાને ધર્મકથા૦ કહી, સુદર્શન પાછો ગયો. ત્યારે અર્જુન ભગવંત પાસે ધર્મ સાંભળી, હર્ષિત થઈ, કહ્યું – ભગવન્ ! હું નિર્ગ્રન્થ પ્રવચનની શ્રદ્ધા કરું છું યાવત્ ઉદ્યમવંત છું. - - "સુખ ઉપજે તેમ કર." ત્યારે અર્જુને ઈશાન ખૂણામાં જઈ, સ્વયં જ પંચમુષ્ટિક લોચ કર્યો યાવત્ વિચરે છે.

ત્યારે અર્જુન અણગારે, જે દિવસે મુંડ યાવત્ પ્રવ્રજિત થયા, તે દિવસે જ ભગવંતને વાંદીને, આ આવો અભિગ્રહ ગ્રહણ કર્યો – મારે યાવજ્જીવ નિરંતર છઠ્ઠ-છઠ્ઠ તપ વડે આત્માને ભાવિત કરતાં વિચરવું કલ્પે. આવો અભિગ્રહ લઈને યાવત્ યાવજ્જીવ વિચરે છે.

ત્યારે તે અર્જુનમુનિ, છઠ્ઠ તપના પારણે પહેલી પોરિસિમાં સજ્ઝાય કરે છે, ગૌતમસ્વામીની માફક યાવત્ ભિક્ષાર્થે અટન કરે છે.

ત્યારે તે અર્જુનમુનિને રાજગૃહમાં ઉચ્ચ યાવત્ અટન કરતાં ઘણાં સ્ત્રી,



પુરુષ, વૃદ્ધ, બાળક, યુવાન આમ કહે છે – આણે મારા પિતાને માર્યા છે, ભાઈ-બહેન-પત્ની-પુત્ર-પુત્રી-પુત્રવધૂને, મારા અમુક સ્વજન-સંબંધિ-પરિજનને મારેલ છે, એમ કહીને કેટલાંક આક્રોશ કરે છે, કોઈ હીલના-નિંદા-ખિંસા-ગર્હા-તર્જના-તાડના કરે છે.

ત્યારે અર્જુન મુનિ, તે ઘણાં સ્ત્રી, પુરુષો, વૃદ્ધો, બાળકો, યુવાનો વડે આક્રોશ યાવત્ તાડના કરાતા, તેમના પ્રતિ મનથી પણ દ્વેષ કર્યા વિના સમ્યક્ પ્રકારે સહે છે - ખમે છે - તિતિક્ષે છે - અધ્યાસિત કરે છે.

એ રીતે સમ્યક્ પ્રકારે સહેતા યાવત્ અધ્યાસિત કરતા રાજગૃહના ઉચ્ચ-નીચ-મધ્યમ ઘરોમાં અટન કરતાં જો ભોજન પામે તો પાણી પામતા નથી, પાણી મળે તો ભોજન મળતું નથી.

ત્યારે અર્જુનમુનિ અદીન, અવિમના, અકલુષ, અનાકુળ અવિષાદી અને અપરિતંતયોગી થઈને અટન કરે છે. કરીને રાજગૃહથી નીકળીને ગુણશીલ ચૈત્યે ભગવંત મહાવીર પાસે આવી, ગૌતમસ્વામી માફક યાવત્ દેખાડે છે. ભગવંતની અનુજ્ઞાથી અમૂર્છિતાદિ, બિલમાં જતાં સર્પવત્ તે આહાર કરે છે. પછી ભગવંતે કોઈ દિને રાજગૃહથી યાવત્ વિચરે છે.

ત્યારપછી અર્જુન મુનિ, તે ઉદાર, યત્નથી ગ્રહણ કરેલ, મહાનુભાગ તપોકર્મથી આત્માને ભાવતા, બહુપૂર્ણ છ માસ શ્રામણ્ય પર્યાય પાળ્યો, અર્ધમાસિકી સંલેખનાથી આત્માને ઝોષિત કરી, ત્રીશ ભક્તોને અનશન વડે છેદીને, જે અર્થે સંયમ ગ્રહ્યો યાવત્ સિદ્ધ થયા.

● વિવેચન-૨૭ :-

કૃષ્ણ૦ કૃષ્ણ, કૃષ્ણાવભાસ, નીલ, નીલાવભાસ, ઈત્યાદિ. - - લલિત-દુર્લલિત ગોષ્ઠી, આઢ્ય૦ દીપ્ત, ઘણાં લોકોથી અપરિભૂત. जंकयसुकय० જે સારુ કે નઠારું કરે, તો પણ "સારું કર્યુ" એમ પિતા આદિ દ્વારા કહેવાય. - - पमोए - મહોત્સવ अग्गाइं - આગળના, પ્રધાન, શ્રેષ્ઠ. अवउडयबंधण - અવકોટનથી પૃષ્ઠદેશમાં જેના હાથ અને મસ્તક બાંધવા. दवदव - જલ્દી, જલ્દી. काष्ठ - લાકડું માત્ર, દેવતાના શૂન્યત્વથી કંઈ પણ કરવા અસમર્થ. सइर - સ્વૈર, ઈચ્છા મુજબ. - - इह आगय - આ નગરે આવ્યા, પ્રત્યાસન્નત્વ છતાં આમ કહેવાયુ, તેથી કહે છે અહીં સંપ્રાપ્ત થયા, પ્રાપ્ત છતાં વિશેષ અભિધાન માટે કહ્યું – અહીં સમોસર્યા છે અથવા આ નગરમાં, વળી આ ઉદ્યાનમાં, વળી ઉચિત અવગ્રહમાં.

સુદ્ધપ્પ-શુદ્ધાત્મા, યાવત્‌થી પ્રવર વસ્ત્રો પહેર્યા, અલ્પ-મહાર્ઘ આભરણ-અલંકાર શરીરી. वत्थंतेण-વસ્ત્રના કિનારાથી. - x - तेजसा - પ્રભાવથી. सहते० આદિ એકાર્થક પદો છે અથવા ભય અભાવથી સહે છે, કોપ અભાવે ખમે છે, દૈન્ય અભાવે તિતિક્ષા કરે છે, અધિકતાથી સહેનાર તે અધિસહતે. - - अदीन - શોકના અભાવથી, અવિમના - શૂન્યચિત્ત, અક્લુષ-દ્વેષવર્જિતતાથી, અનાવિલ-અનાકુલ - x - अपरितांत - અવિશ્રાંત. - x - x -

## ❁ વર્ગ-૬, અધ્યયન-૪ થી ૧૪ ❁
-- x -- x -- x -- x --

● સૂત્ર-૨૮ થી ૩૮ :-

[૪/૨૮] તે કાળે૦ રાજગૃહનગર, ગુણશીલ ચૈત્ય, શ્રેણિક રાજા, કાશ્યપ નામે ગાથાપતિ હતો. મંકાંતિ માફક બધું કહેવું. ૧૬-વર્ષનો પર્યાય, વિપુલ પર્વતે સિદ્ધ થયો. [૫/૨૯] એ પ્રમાણે ક્ષેમક ગાથાપતિ. માત્ર નગરી કાકંદી, ૧૬ વર્ષનો પર્યાય, વિપુલ પર્વતે સિદ્ધ થયા. - - [૬/૩૦] એ પ્રમાણે ધૃતિધર ગાથાપતિ૦ કાકંદી નગરી, ૧૬-વર્ષ પર્યાય, વિપુલ પર્વતે સિદ્ધ.

[૭/૩૧] એ પ્રમાણે કૈલાશ ગાથાપતિ. નગરી-સાકેત, ૧૨-વર્ષનો પર્યાય, વિપુલ પર્વતે સિદ્ધિ. [૮/૩૨] એ રીતે હરિચંદન ગાથાપતિ. સાકેતનગરી, ૧૨-વર્ષ પર્યાય, વિપુલ પર્વતે સિદ્ધિ.

[૯/૩૩] એ વારત્રક ગાથાપતિ. રાજગૃહનગર, ૧૨-વર્ષ પર્યાય, વિપુલ પર્વતે સિદ્ધિ. [૧૦/૩૪] એ રીતે સુદર્શન ગાથાપતિ, વાણિજ્યગ્રામ નગર, દૂતિપલાશ ચૈત્ય, પાંચ વર્ષ પર્યાય, વિપુલે સિદ્ધિ.

[૧૧/૩૫] એ રીતે પૂર્ણભદ્ર ગાથાપતિ, વાણિજ્ય ગ્રામ નગર, દૂતિપલાશ ચૈત્ય, પાંચ વર્ષ પર્યાય, વિપુલ પર્વતે સિદ્ધિ.

[૧૨/૩૬] એ રીતે સુમનભદ્ર ગાથાપતિ. શ્રાવસ્તિ નગરી, ઘણાં વર્ષનો પર્યાય. [૧૩/૩૭] એ રીતે સુપ્રતિષ્ઠ ગાથાપતિ, શ્રાવસ્તી નગરી, ૨૭-વર્ષ પર્યાય, વિપુલ પર્વતે સિદ્ધિ. [૧૪/૩૮] એ રીતે મેઘ ગાથાપતિ, રાજગૃહનગર, ઘણાં વર્ષ ચારિત્ર પાળી સિદ્ધ થયા.

## ❁ વર્ગ-૬-અધ્યયન-૧૫-અતિમુક્ત ❁
-- x -- x -- x -- x --

● સૂત્ર-૩૯ :-

તે કાળે, તે સમયે પોલાસપુર નગરે, શ્રીવન ઉધાન હતું. તે પોલાસપુરમાં વિજય રાજા હતો. તેને શ્રી નામ રાણી હતી. તે વિજય રાજાનો પુત્ર, શ્રીદેવીનો આત્મજ અતિમુક્ત નામે સુકુમાલ કુમાર હતો. - - તે કાળે, તે સમયે ભગવંત મહાવીર યાવત્ શ્રીવનમાં વિચરતા હતા. તે કાળે૦ ભગવંતના મોટા શિષ્ય ઈન્દ્રભૂતિ, ભગવતી સૂત્રમાં કહ્યા મુજબ યાવત્ પોલાસપુર નગરમાં યાવત્ ભિક્ષાર્થે અટન કરતા હતા. આ તરફ અતિમુક્તકુમાર ન્હાઈને યાવત્ વિભૂષિત થઈ, ઘણાં દારક-દારિકા, ડિંભ-ડિંભિકા, કુમાર-કુમારિકા સાથે પરિવરીને પોતાના ઘેરથી નીકળે છે. પછી ઈન્દ્રસ્થાને આવીને તે ઘણાં દારક આદિથી પરિવરીને રમણ કરતા વિચરતો હતો.

ત્યારે તે અતિમુક્ત કુમાર, ગૌતમસ્વામીને સમીપથી પસાર થતાં જોયા, ગૌતમસ્વામી પાસે આવ્યા, તેઓને કહ્યું કે — તમે કોણ છો ? શા માટે અટન કરો છો ? ત્યારે ગૌતમસ્વામીએ અતિમુક્તકુમારને કહ્યું — હે દેવાનુપ્રિય ! અમે



ઈર્યાસમિત યાવત્ બ્રહ્મચારી શ્રમણ-નિર્ગ્રન્થ છીએ. ઉચ્ચ-નીચ યાવત્ ભિક્ષાર્થે અટન કરીએ છીએ. ત્યારે અતિમુક્ત કુમારે, ગૌતમસ્વામીને કહ્યું —

ભંતે ! તમે ચાલો, જેથી હું તમને ભિક્ષા અપાવું, એમ કહી, ગૌતમસ્વામીની આંગળી પકડીને પોતાના ઘેર આવ્યા. ત્યારે શ્રી-રાણીએ, ગૌતમસ્વામીને આવતા જોઈને, હર્ષિત થઈ, આસનેથી ઉભી થઈ, ગૌતમસ્વામી હતા, ત્યાં આવી, તેમને ત્રણ વખત પ્રદક્ષિણા કરી, વંદન કર્યા. વિપુલ અશનાદિ વહોરાવી, વિદાય આપી.

ત્યારે અતિમુક્તકુમારે, ગૌતમસ્વામીને પૂછ્યું — ભંતે ! તમે ક્યાં રહો છો ?, ગૌતમસ્વામીએ તેને કહ્યું — મારા ધર્માચાર્ય, ધર્મોપદેશક, આદિકર, ભગવન્ મહાવીર યાવત્ મોક્ષ પ્રાપ્તિના ઈચ્છુક, આ પોલાસપુર નગરની બહાર શ્રીવન ઉધાનમાં યથા પ્રતિરૂપ અવગ્રહ ગ્રહીને૦ સંયમથી યાવત્ ભાવિત કરતાં વિચરે છે, અમે ત્યાં રહીએ છીએ. ત્યારે અતિમુક્તે ગૌતમસ્વામીને કહ્યું — ભંતે ! હું આપની સાથે ભગવંતને પગે પડવા આવું ? - - યથા સુખં - -

ત્યારે અતિમુક્તકુમાર, ગૌતમસ્વામી સાથે ભગવંત મહાવીર પાસે આવ્યા, આવીને ભગવંતને ત્રણ વખત પ્રદક્ષિણા કરી, વંદના કરી યાવત્ પર્યુપાસે છે. ત્યારે ગૌતમસ્વામી, ભગવંત પાસે આવ્યા. યાવત્ ગૌચરી દેખાડી. પછી સંયમ૦ યાવત્ વિચરે છે. ત્યારે ભગવંતે અતિમુક્ત કુમાર તથા પર્ષદાને ધર્મકથા કહી.

તે અતિમુક્તે ભગવન્ પાસે ધર્મ સાંભળી, સમજીને હર્ષિત થઈ કહ્યું — માતાપિતાને પૂછું, ત્યારપછી હું આપની પાસે યાવત્ દીક્ષા લઈશ. - - દેવાનુપ્રિય ! સુખ ઉપજે તેમ કર, વિલંબ ન કર. પછી અતિમુક્ત પોતાના માતા-પિતા પાસે આવ્યો યાવત્ પ્રવ્રજ્યા લઈશ. અતિમુક્તને તેના માતાપિતાએ કહ્યું — હે પુત્ર ! તું બાળ છે, અસંબુદ્ધ છે. તેથી તું ધર્મને શું જાણે ? ત્યારે અતિમુક્તે કહ્યું —

હે માતા-પિતા ! નિશ્ચે, હું જેને જાણું છું, તેને જ જાણતો નથી, જેને નથી જાણતો તેને જ જાણું છું. ત્યારે માતાપિતાએ પૂછ્યું — હે પુત્ર ! "જે જાણે છે, તે નથી જાણતો" આદિ કેવી રીતે ? અતિમુક્તકુમારે જવાબ આપ્યો કે — હે માતાપિતા ! હું જાણું છું કે જન્મેલાએ અવશ્ય મરવાનું જ છે, પણ હે માતાપિતા ! હું એ જાણતો નથી કે ક્યારે-ક્યાં-કઈ રીતે - કેટલા કાળે મરવાનું છે ? વળી હું જાણતો નથી કે કયા કર્મના આદાન વડે જીવો નૈરયિકાદિ ચારે ગતિમાં ઉપજે છે, પણ એ જાણું છું કે સ્વકર્મના આદાન વડે જીવો નૈરયિક યાવત્ ઉપજે છે. આ રીતે હે માતાપિતા ! જે જાણું છું તે નથી જાણતો ઈત્યાદિ.

હે માતાપિતા ! હું આપની અનુજ્ઞા પામી યાવત્ દીક્ષા લેવાને ઈચ્છું છું. ત્યારે માતાપિતા, અતિમુક્તને ઘણાં કથનાદિ વડે સમજાવી શક્યા નહીં, ત્યારે કહ્યું — હે પુત્ર ! અમે એક દિવસ માટે તારી રાજ્યશ્રીને જોવા ઈચ્છીએ છીએ. ત્યારે અતિમુક્ત મૌન રહ્યો. - x - રાજ્યાભિષેક કર્યો, મહાબલની જેમ નિષ્ક્રમણ કર્યું યાવત્ સામાયિકાદિ સૂત્રનો અભ્યાસ કર્યો. ઘણાં વર્ષો શ્રમણ પર્યાય પાળી, ગુણરત્ન તપ કરી, યાવત્ વિપુલ પર્વતે સિદ્ધ થયા.

● **વિવેચન-૩૯ :-**

અતિમુક્તની કથામાં કંઈક લખીએ છીએ. इंदट्ठाण - ઈન્દ્રયષ્ટિ ઉભી કરાય છે. - x - जाव पडिदंसेइ - ગમનાગમન પ્રતિક્રમી, ભક્ત-પાન આલોચી, ગૌચરી દેખાડી. काहे - ક્યા સમયે, कहिं - ક્યા ક્ષેત્રમાં, कहं - ક્યા પ્રકારે, कियच्चिरेण - કેટલો કાળ જતાં ? - x -

**❁ વર્ગ-૬, અધ્યયન-૧૬-''અલક્ષ'' ❁**
-- x -- x -- x -- x --

● **સૂત્ર-૪૦ :-**

*તે કાળે, તે સમયે વાણારસી નગરી, કામમહાવન ચૈત્ય, તે વાણારસીમાં અલક્ષ નામે રાજા હતો. તે કાળે, તે સમયે ભગવંત મહાવીર યાવત્ વિચરતા હતા, પર્ષદા નીકળી, અલક્ષરાજા આ વૃત્તાંત જાણતા હર્ષિત થઈ યાવત્ કૂણિકની જેમ પર્યુપાસે છે. ધર્મકથા કહી. અલક્ષ રાજાએ ભગવંત મહાવીર પાસે ઉદાયન રાજા માફક દીક્ષા લીધી. વિશેષ એ - મોટા પુત્રને રાજ્યમાં અભિસિંચિત કર્યો. અગિયાર અંગો ભણ્યા, ઘણાં વર્ષનો પર્યાય પાળી યાવત્ વિપુલ પર્વતે સિદ્ધ થયા.*

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**વર્ગ-૬-નો ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**





## 卐 વર્ગ-૭ 卐
-- o -- o --

● **સૂત્ર-૪૧ થી ૪૩ :-**

*[૪૧] ભંતે ! જો૰ સાતમાં વર્ગનો ઉત્ક્ષેપ યાવત્ ૧૩-અધ્યયનો કહેલા છે. - - [૪૨] - - નંદા, નંદમતી, નંદોત્તરા, નંદશ્રેણિકા, મહતા, સુમરુતા, મહામરુતા, મરુદેવા - - [૪૩] - - ભદ્રા, સુભદ્રા, સુજાતા, સુમના, ભૂતદિન્ના, આ તેર શ્રેણિકની પત્નીના નામો છે.*

**❁ વર્ગ-૭, અધ્યયન-૧ થી ૧૩ ❁**
-- x -- x -- x -- x --

● **સૂત્ર-૪૪,૪૫ :-**

*[૧/૪૪] ભંતે ! જો૰ તેર અધ્યયનો કહ્યા છે, તો પહેલા અધ્યયનનો ભગવંત મહાવીરે શો અર્થ કહ્યો છે ? હે જંબૂ ! તે કાળે, તે સમયે રાજગૃહનગરે, ગુણશીલ ચૈત્ય, શ્રેણિક રાજા હતો. તે રાજાને નંદા નામે રાણી હતી. સ્વામી પધાર્યા, પર્ષદા નીકળી. ત્યારે નંદાદેવીએ આ વૃત્તાંત જાણીને કૌટુંબિક પુરુષોને બોલાવ્યા. યાન મંગાવ્યુ, યાવત્ પદ્માવતી રાણી માફક દીક્ષા લીધી. અગિયાર અંગો ભણી, વીસ વર્ષ શ્રામણ્ય પર્યાય પાળી. યાવત્ સિદ્ધ થયા.*

*[૨ થી ૧૩/૪૫] આ રીતે નંદા માફક બધાં અધ્યયન કહેવા.*

o -- x -- x -- x -- x -- o

## 卐 વર્ગ-૮ 卐
-- o -- o --

● **સૂત્ર-૪૬,૪૭ :-**

*[૪૬] ભંતે ! આઠમાં વર્ગનો ઉત્ક્ષેપ૰ યાવત્ દશ અધ્યયનો કહ્યા છે — [૪૭] કાલી, સુકાલી, મહાકાલી, કૃષ્ણા, સુકૃષ્ણા, મહાકૃષ્ણા, વીરકૃષ્ણા, રામકૃષ્ણા, પિતૃસેનકૃષ્ણા, મહાસેનકૃષ્ણા.*

**❁ વર્ગ-૮, અધ્યયન-૧-કાલી ❁**
-- x -- x -- x -- x --

● **સૂત્ર-૪૮ થી ૫૦ :-**

*[૪૮] જો૰ દશ અધ્યયનમાં પહેલાં અધ્યયનનો શો અર્થ કહ્યો છે ? હે જંબૂ ! તે કાળે૰ ચંપાનગરી હતી, પૂર્ણભદ્ર ચૈત્ય હતું. તે ચંપાનગરીમાં કોણિક રાજા હતો. તે ચંપાનગરીમાં શ્રેણિક રાજાની પત્ની અને કોણિક રાજાની લઘુમાતા 'કાલી' નામે રાણી હતી. નંદારાણી માફક દીક્ષા લઈ યાવત્ સામાયિકાદિ અગિયાર અંગો ભણી. ઘણાં ઉપવાસ૰ યાવત્ આત્માને ભાવતા વિચરે છે. પછી કાલી, કોઈ દિને આર્યા ચંદના પાસે આવ્યા, આવીને કહ્યું — હે આર્યા ! હું*

*આપની અનુજ્ઞા પામીને રત્નાવલી તપ સ્વીકારીને વિચરવા ઈચ્છું છું.*

*- - યથા સુખં - - ત્યારે કાલી આર્યા, ચંદના આર્યાની અનુજ્ઞા પામીને રત્નાવલી તપ સ્વીકારે છે. તે આ પ્રમાણે —*

*(૧) પહેલા એક ઉપવાસ, પછી સર્વકામ ગુણિત પારણું કરે છે. (૨) પછી છટ્ઠ કરીને સર્વકામગુણિત પારણું કરે છે. (૩) પછી અટ્ઠમ કરે છે, કરીને સર્વકામ૦ (૪) પછી આઠ છટ્ઠ કરે છે, બધાં પારણા સર્વકામ૦ (૫) પછી ઉપવાસ, સર્વકામગુણ પારણું, (૬) પછી છટ્ઠ, સર્વકામ૦ (૭) પછી અટ્ઠમ, સર્વકામ૦ (૮) પછી ચાર ઉપવાસ, સર્વકામ૦ (૯) પછી પાંચ ઉપવાસ, સર્વકામ૦ (૧૦) પછી છ ઉપવાસ, સર્વકામ૦ - - એ પ્રમાણે (૧૧) સાત-આઠ-નવ-દશ-અગિયાર-બાર-તેર-ચૌદ-પંદર-સોળ ઉપવાસ, બધામાં સર્વ કામગુણ પારણું, (૧૨) પછી ચોત્રીશ છટ્ઠ, બધે સર્વ કામગુણિત પારણા. પછી (૧૩) સોળ-ચૌદ યાવત્ એક ઉપવાસ, બધે સર્વકામ ગુણિત પારણા, (૧૪) પછી આઠ છટ્ઠ, સર્વકામગુણ૦, (૧૫) અટ્ઠમ-છટ્ઠ-ઉપવાસ કરે. ત્રણે સર્વકામ ગુણિત પારણું.*

*આ રીતે રત્નાવલી તપની પહેલી પરિપાટી એક વર્ષ, ત્રણ માસ, ૨૨-અહોરાત્ર વડે યથાસૂત્ર યાવત્ આરાધિત થાય છે.*

*પછી બીજી પરિપાટીમાં - x - પહેલી પરિપાટી મુજબ તપ કરે છે, પણ પારણા બધાં વિગઈ છોડીને કરે છે - - - પછી ત્રીજી પરિપાટી આરંભે છે, તેમાં તપ પૂર્વવત્ જ છે. પણ પારણું અલેપકૃત્ કરે છે, એ રીતે જ ચોથી પરિપાટી આરાધે છે, તેમાં પારણા આયંબિલથી કરે.*

*[૪૯] પહેલીમાં સર્વકામગુણિત પારણું, બીજામાં વિગઈને વર્જીને, ત્રીજીમાં અલેપકૃત્ અને ચોથીમાં આયંબિલથી પારણું કરે.*

*[૫૦] ત્યારપછી તે કાલી આર્યા રત્નાવલી તપને પાંચ વર્ષ, બે માસ, ૨૮-દિવસે યથાસૂત્ર યાવત્ આરાધીને આર્યા ચંદના પાસે આવી, વંદના-નમસ્કાર કરી, ઘણાં ઉપવાસ૦ યાવત્ આત્માને ભાવિત કરતા વિચરે છે. ત્યારપછી તે કાલી આર્યા, તે ઉદાર યાવત્ ધમની વ્યાપ્ત થઈ ગયા. જેમ કોઈ કોલસા ભરેલ ગાડી હોય યાવત્ સારી રીતે હોમ કરેલ અગ્નિ હોય, ભસ્મરાશિથી ઢંકાયેલ હોય, તેમ તપ-તેજ શ્રી વડે અતી ઉપશોભતી રહી હતી.*

*ત્યારપછી તે કાલી આર્યાને અન્ય કોઈ દિને મધ્યરાત્રિકાળે આવો વિચાર આવ્યો, સ્કંદકની વિચારણા મુજબ જાણવું યાવત્ ઉઠવાની શક્તિ છે, ત્યાં સુધીમાં મારે કાલે યાવત્ સૂર્ય ઉગ્યા પછી આર્યા ચંદનાને પૂછીને, તેમની અનુજ્ઞા પામીને, સંલેખના કરીને, ભોજન-પાનનું પચ્ચક્ખાણ કરીને, કાળની અપેક્ષા ન કરતાં વિચરવું. એમ વિચાર કરીને બીજા દિવસે આર્યા ચંદના પાસે આવીને, તેમને વંદન-નમન કરી આમ કહ્યું — હે આર્યા ! આપની અનુજ્ઞા પામીને સંલેખના યાવત્ વિચરવા ઈચ્છું છું - - યથા સુખં - -*

*કાલી આર્યા, ચંદના આર્યાની અનુજ્ઞા પામી, સંલેખના-ઝોસણા યાવત્ વિચરે છે. કાલી આર્યા, ચંદના આર્યા પાસે સામાયિક આદિ અગિયાર અંગોને ભણીને, પ્રતિપૂર્ણ આઠ વર્ષનો શ્રામણ્ય પર્યાય પાળીને, માસિકી સંલેખનાથી આત્માને આરાધી, ૬૦ ભક્તોને અનશન વડે છેદીને, જે હેતુ માટે ચારિત્ર ગ્રહણ કરેલ, તે અર્થને સાધીને, છેલ્લા ઉચ્છ્વાસ-નિઃશ્વાસે સિદ્ધ થયા. નિક્ષેપો કરવો.*



• **વિવેચન :-**

આઠમા અધ્યયનમાં કંઈક લખીએ છીએ. રત્નાવલી-કોઈ આભરણ વિશેષ છે, જેમ રત્નાવલી બંને બાજુએ સૂક્ષ્મ-સ્થૂળ-સ્થૂળતર વિભાગથી, સુવર્ણયુક્ત હોય છે, મધ્યદેશે સ્થૂલ-વિશિષ્ટ-મણિવાળી હોય છે, એ રીતે આ તપમાં સૂત્રોક્ત પ્રમાણથી આવો આકાર થાય છે. *[અહીં વૃત્તિકારશ્રીએ વૃત્તિમાં તેની સ્થાપના વિધિ જણાવી છે, જે મુખ્યત્વે સૂત્રાર્થ આધારિત જ હોવાથી અમે તેનો અનુવાદ અહીં કર્યો નથી.]*

## ❁ વર્ગ-૮, અધ્યયન-૨-‘‘સુકાલી’’ ❁

— x — x — x — x —

• **સૂત્ર-૫૨ :-**

*તે કાળે૦ ચંપાનગરી, પૂર્ણભદ્ર ચૈત્ય, કોણિક રાજા. ત્યાં રાજા શ્રેણિકની પત્ની અને કોણિકની લઘુમાતા સુકાલીદેવી હતી. કાલીદેવી માફક દીક્ષા લીધી, યાવત્ ઘણાં ઉપવાસ યાવત્ ભાવતા વિચરે છે. તે સુકાલી આર્યા અન્ય કોઈ દિને, ચંદના આર્યા પાસે યાવત્ આપની અનુજ્ઞા પામીને કનકાવલી તપ સ્વીકારી વિચરવા ઈચ્છું છું. રત્નાવલી માફક જ કનકાવલી જાણવી. વિશેષ એ કે ત્રણ સ્થાને અટ્ઠમ કરે છે, જ્યાં રત્નાવલીમાં છટ્ઠ આદિ છે. એક પરિપાટીમાં પાંચ માસ, ૧૨-દિન થાય છે. ચારે પરિપાટી થઈને પાંચ વર્ષ, નવ માસ, ૧૮-દિન થાય છે, બાકી પૂર્વવત્. નવ વર્ષનો પર્યાયપાળી યાવત્ સિદ્ધ થઈ.*

• **વિવેચન-૫૧ :-**

કનકાવલિ-સુવર્ણમય મણિરૂપ આભરણ વિશેષ.

## ❁ વર્ગ-૮, અધ્યયન-૩-‘‘મહાકાલી’’ ❁

— x — x — x — x —

• **સૂત્ર-૫૨ :-**

*એ પ્રમાણે મહાકાલી પણ જાણવા. વિશેષ આ - તેણી લઘુ સિંહ-નિષ્ક્રીડિત તપ સ્વીકારી વિચરે છે. તે આ — (૧) ઉપવાસ કરે છે, પછી સર્વકામ ગુણિત પારણું કરે છે. (૨) પછી છટ્ઠ, સર્વકામ૦ (૩) પછી ઉપવાસ, સર્વકામ૦, (૪) પછી અટ્ઠમ, સર્વકામ૦ (૫) પછી છટ્ઠ, સર્વકામ૦, (૬) પછી ચાર ઉપવાસ, સર્વ કામગુણ૦ (૭) અટ્ઠમ, સર્વકામ૦ (૮) પાંચ ઉપવાસ, સર્વકામ૦ (૯) ચાર ઉપવાસ, સર્વકામ૦ (૧૦) છ ઉપવાસ, સર્વકામ૦ (૧૧) પાંચ ઉપવાસ, સર્વકામ૦ પારણું.*

*એ રીતે સાત — છ, આઠ-સાત, નવ-આઠ, પછી પાછાં નવ-આઠ, આઠ-*

*છ, સાત-પાંચ, છ-ચાર, પાંચ-ત્રણ, ચાર-બે, ત્રણ-એક, બે-એક ઉપવાસ કરે છે, તે બધાંમાં સર્વકામગુણિત પારણાં કરે છે, તે પ્રમાણે ચારે પરિપાટી કરે છે. એક પરિપાટીમાં છ માસ અને સાત દિવસ થાય છે. ચારે પરિપાટી બે વર્ષ, ૨૮-દિવસ થાય છે. યાવત્ મહાકાલી સિદ્ધ થયા.*

● **વિવેચન-૫૨ :-**

ખુડ્ડાગ સીહનિક્કીલિયં - હવે કહેવાનાર, મોટાની અપેક્ષાએ આ લઘુ-હ્રસ્વ છે. સિંહનું નિષ્કિડિત એટલે ગમન તે સિંહનિષ્કિડિત, તેના જેવું આ તપ. જેમ ગમન કરતો સિંહ ઉલ્લંઘેલ દેશને પાછો વળીને જુએ છે, તેમ જે તપમાં ઓળંગેલ તપ ફરી કરીને, આગળ-આગળ તપોવૃદ્ધિ કરાય છે તે સિંહનિષ્કિડિત તપ છે. - x - અહીં એકથી નવ, નવથી એક બે પંક્તિ થાય છે. તન્મધ્યે એકથી આઠ અને આઠથી એક અંકની સ્થાપના થાય છે. - x - આ તપમાં કુલ - x - ૧૫૪ ઉપવાસ અને ૩૩-પારણાના દિવસો હોય છે.

## ❀ વર્ગ-૮, અધ્યયન-૪-''કૃષ્ણા'' ❀

— x — x — x — x —

● **સૂત્ર-૫૩ :-**

*એ પ્રમાણે કૃષ્ણા પણ જાણવી. વિશેષ આ — તેણીએ મોટું સિંહનિષ્કિડિત તપ કર્યું, તે લઘુનિષ્કિડિત જેવું જ છે. વિશેષ એ — આમાં સોળ ઉપવાસ સુધી યાવત્ જાણવું, તે જ પ્રમાણે પંક્તિ કરવી. તેમાં પહેલી પરિપાટી એક વર્ષ, છ માસ, ૧૮-દિને થાય છે. ચારે પરિપાટી છ વર્ષ, બે માસ, ૧૨-દિને પુરી થાય છે. બાકી બધું કાલી મુજબ જાણવું યાવત્ સિદ્ધ થયા.*

● **વિવેચન-૫૩ :-**

મહા સિંહ નિષ્કિડિત તપમાં એકથી સોળ, સોળથી એકની સ્થાપના કરવી. બે થી સોળ મધ્યે એકથી પંદર ઉપવાસ સ્થાપવા. બીજી પંક્તિમાં પંદરથી બેમાં પૂર્વે ચૌદથી એક સુધી અંક સ્થાપવા. આ તપમાં ૬૧ પારણાના દિવસો અને તપના કુલ દિવસે-૪૯૭ એક પરિપાટીમાં થાય છે.

## ❀ વર્ગ-૮, અધ્યયન-૫-''સુકૃષ્ણા'' ❀

— x — x — x — x —

● **સૂત્ર-૫૪ :-**

*એ પ્રમાણે સુકૃષ્ણા પણ જાણવી. વિશેષ આ - સપ્ત સપ્તમિકા નામક ભિક્ષુપ્રતિમા સ્વીકારી વિચરે છે. પહેલા સપ્તકમાં એક-એક ભોજનની દત્તિ, એક-એક પાણિની દત્તિ. બીજા સપ્તકમાં બંનેની બબ્બે, ત્રીજા સપ્તકમાં બંને ત્રણ-ત્રણ યાવત્ સાતમાં સપ્તકમાં ભોજનની સાત અને પાણીની સાત દત્તિ ગ્રહણ કરે છે. આ પ્રતિમા ૪૯ અહોરાત્રમાં અને ૧૯૬ દત્તિ વડે યથાસૂત્ર યાવત્ આરાધીને ચંદના આર્યા પાસે આવ્યા, આવીને આર્યા ચંદનાને વાંદી-નમીને આમ કહ્યું — હે આર્યા ! હું આપની અનુજ્ઞા પામીને અષ્ટ અષ્ટમિકા ભિક્ષુ પ્રતિમાને સ્વીકારી વિચરવા ઈચ્છું છું.*

*- - સુખ ઉપજે તેમ કરો - -. ત્યારે સુકૃષ્ણા આર્યાએ આર્યા ચંદનાની અનુજ્ઞા પામી અષ્ટ અષ્ટમિકા ભિક્ષુ પ્રતિમા સ્વીકારે છે. તેમાં પહેલા અષ્ટકમાં એક ભોજનની, એક પાનકની દત્તિ ગ્રહણ કરે છે, યાવત્ આઠમાં અષ્ટકમાં આઠ-આઠ ભોજન-પાનકની દત્તિ ગ્રહણ કરે છે. એ રીતે આ પ્રતિમા ૬૪-રાત્રિદિન વડે, ૨૮૮ દત્તિ વડે આરાધીને યાવત્ નવનવમિકા ભિક્ષુપ્રતિમા સ્વીકારીને વિચરે છે. તેમાં પહેલાં નવકમાં એક-એક ભોજન-પાનકની દત્તિ ગ્રહણ કરે છે. યાવત્ નવમાં નવકમાં નવ-નવ દત્તિ ભોજન-પાનકની જાણવી. એ રીતે નવ-નવમિકા ભિક્ષુપ્રતિમા ૮૧-અહોરાત્ર વડે, ૪૦૫ દત્તિ વડે યથાસૂત્ર આરાધી.*

*પછી દશ દશમિકા ભિક્ષુ પ્રતિમા સ્વીકારી વિચરે છે, પહેલાં દશકમાં એક-એક યાવત્ દશમાં દશકમાં દશ-દશ ભોજન-પાણીની દત્તિ. આ ભિક્ષુપ્રતિમા-૧૦૦ અહોરાત્ર વડે, ૫૫૦ દત્તિ વડે યથાસૂત્ર આરાધી. પછી ઘણાં ઉપવાસ૦ યાવત્ અર્ધમાસ અને માસક્ષમણાદિ વિવિધ તપ વડે આત્માને ભાવિત કરતાં વિચરે છે. પછી તે સુકૃષ્ણા આર્યા, તે ઉદાર તપથી યાવત્ સિદ્ધિ પામ્યા.*

## ❀ વર્ગ-૮, અધ્યયન-૬-''મહાકૃષ્ણા'' ❀

— x — x — x — x —

● **સૂત્ર-૫૫ :-**

*એ પ્રમાણે મહાકૃષ્ણા પણ જાણવી. વિશેષ આ — તેણી લઘુ સર્વતોભદ્ર પ્રતિમા સ્વીકારીને વિચરે છે. (૧) ઉપવાસ કરે છે, સર્વ કામગુણિત પારણું કરે છે. પછી (૨) છઠ્ઠ, અઠ્ઠમ, ચાર, પાંચ ઉપવાસ અને સર્વકામગુણિત પારણું. (૩) પછી અઠ્ઠમ, ચાર, પાંચ, એક ઉપવાસ અને સર્વકામ૦ પારણું. પછી (૪) છઠ્ઠ, પાંચ, એક, બે ઉપવાસ, સર્વકામ૦ (૫) પછી બે, પાંચ, ચાર, ઉપવાસ અને સર્વકામ૦ (૬) પછી બે-ત્રણ-ચાર ઉપવાસ, સર્વકામ૦ (૭) પછી બે-ત્રણ-ચાર-પાંચ ઉપવાસ, સર્વકામગુણિત પારણાં કરે.*

*(૮) પછી એક-ચાર-પાંચ ઉપવાસ, સર્વકામ૦ (૯) પછી એક-બે-ત્રણ ઉપવાસ, તન્મધ્યે સર્વકામગુણિત પારણા. એ રીતે લઘુ સર્વતોભદ્ર તપની પહેલી પરિપાટી ત્રણ માસ, દશ દિવસ વડે યથાસૂત્ર યાવત્ આરાધી. પછી બીજી પરિપાટીમાં ઉપવાસ કરી, વિગઈ રહિત પારણું કરે છે, એ રીતે જેમ રત્નાવલીમાં કહ્યું તેમ અહીં પણ ચાર પરિપાટી છે, પારણા પૂર્વવત્. ચારેનો કાળ એક વર્ષ, એક માસ, દશ દિવસ. બાકી પૂર્વવત્ યાવત્ સિદ્ધ થયા.*

● **વિવેચન-૫૫ :-**

ખુડ્ડિય - નાની, મોટીની અપેક્ષાએ. સર્વે દિશા-વિદિશામાં ભદ્રા-સમ સંખ્યાવાળી હોવાથી સર્વતોભદ્રા. ચોતરફ એકથી પાંચ અંક વડે ૧૫-૧૫ બધે થાય. તેમાં ૭૫ દિન તપ, ૨૫-દિન પારણા. એક પરિપાટીમાં ૧૦૦-દિન.

## ❀ વર્ગ-૮, અધ્યયન-૭-“વીરકૃષ્ણા” ❀
-- x -- x -- x -- x --

● **સૂત્ર-૫૬ :-**

***એ પ્રમાણે વીરકૃષ્ણા પણ જાણવી. વિશેષ આ - મહાસર્વતોભદ્રા તપ સ્વીકારી વિચરે છે. તે આ — (૧) ઉપવાસ કરે છે, કરીને સર્વકામગુણિત પારણું કરે છે, એ રીતે — બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત ઉપવાસ કરી, પછી સર્વ કામ૦ (૨) પછી ચાર-પાંચ-છ-સાત-એક-બે-ત્રણ ઉપવાસ, પછી સર્વકામ૦ (૩) પછી સાત-એક-બે-ત્રણ-ચાર-પાંચ-છ ઉપવાસ, સર્વકામ૦ (૪) પછી ત્રણ-ચાર પાંચ-છ-સાત-એક-બે ઉપવાસ, સર્વકામ૦ (૫) પછી છ-સાત-એક-બે-ત્રણ-ચાર-પાંચ ઉપવાસ, સર્વકામ૦ (૬) પછી બે-ત્રણ-ચાર-પાંચ-છ-સાત-એક ઉપવાસ, સર્વકામ૦ (૭) પછી પાંચ-છ-સાત-એક-બે-ત્રણ-ચાર ઉપવા, દરેકને અંતે સર્વકામગુણિત પારણું કરે છે. એક એક લતામાં આઠ માસ, પાંચ દિવસ થાય છે. ચારે લતામાં બે વર્ષ, આઠમાં અને વીશ દિવસ લાગે છે. બાકી પૂર્વવત્ યાવત્ સિદ્ધ થયા.***

● **વિવેચન-૫૬ :-**

મહાસર્વતોભદ્રા૦ એકથી સાત ઉપવાસ આવે. પહેલી પંક્તિમાં એકથી સાત અંક, મધ્યનો અંક બીજી પંક્તિમાં પહેલો લખવો, પછી શેષ અંકો લખવા, અહીં એક પરિપાટીમાં તપના ૧૯૬ દિન, પારણાના ૪૯ દિન થાય.

## ❀ વર્ગ-૮, અધ્યયન-૮-“રામકૃષ્ણા” ❀
-- x -- x -- x -- x --

● **સૂત્ર-૫૭ :-**

***એ પ્રમાણે રામકૃષ્ણા પણ જાણવી. વિશેષ આ - ભદ્રોત્તર પ્રતિમા સ્વીકારી વિચરે છે. તે આ — (૧) પાંચ ઉપવાસ કરી સર્વકામ ગુણિત પારણું કરે છે, પછી છ-સાત-આઠ-નવ ઉપવાસ, સર્વકામ૦ (૨) પછી સાત-આઠ-નવ-પાંચ-છ ઉપવાસ, સર્વકામ૦ (૩) પછી નવ-પાંચ-છ-સાત-આઠ ઉપવાસ, સર્વકામ૦ (૪) પછી છ-સાત-આઠ-નવ-પાંચ ઉપવાસ, સર્વકામ૦ (૫) પછી આઠ-નવ-પાંચ-છ-સાત ઉપવાસ પ્રત્યેકમાં સર્વકામગુણિત પારણું કરે. એક પરિપાટી છ માસ, વીશ દિવસમાં ચારેમાં બે વર્ષ, બે માસ, ૨૦-દિન. બાકી કાલી મુજબ જાણવું.***

● **વિવેચન-૫૭ :-**

ભદ્રોત્તર પ્રતિમા૦ પહેલી પંક્તિમાં પાંચથી નવ ઉપવાસ, પછી મધ્યનો અંક બીજી પંક્તિમાં આરંભે સ્થાપી. શેષ અંકો ક્રમશઃ નોંધવા. આ રીતે પાંચ પંક્તિ કરવી. એક પરિપાટીના તપ દિન-૧૭૫, પારણાદિન-૨૫.

બીજી વાંચનામાં આ ત્રણ પ્રતિમાના લક્ષણો આ પ્રમાણે છે — લઘુ અને મહા સર્વતોભદ્રામાં પહેલા ઉપવાસ, ભદ્રોત્તરામાં પહેલા પાંચ ઉપવાસ કરવા. પછી ક્રમશઃ પાંચ-સાત-નવ એ ત્રણે પ્રતિમાના છેલ્લા તપો છે. શેષ તપો અનુક્રમે સ્થાપવા. હવે બીજી વગેરે પંક્તિ રચનાર્થે કહે છે — પહેલી પંક્તિનો ત્રીજો અંક, બીજી પંક્તિમાં પહેલો સ્થાપવો, તે લઘુ સર્વતોભદ્રામાં ત્રણ છે, ભદ્રોત્તરામાં સાત છે. પછી ક્રમશઃ આગળ-આગળના અંકો મૂકવા, તે અંક લઘુ સર્વતો ભદ્રામાં ચાર પછી પાંચનો છે, ભદ્રોત્તરામાં આઠ પછી નવનો છે, છેલ્લા અંક પછી, ખાલી રહેલ ખાના પહેલાના અંકોથી પૂરવા. - x - x - ઈત્યાદિ ભાવાર્થ, સૂત્રના અર્થ મુજબ સમજી લેવો.



મહા સર્વતોભદ્રામાં બીજી પંક્તિ કરવા માટે, પહેલી પંક્તિનો ચોથો અંક, આદિમાં મૂકવો, પછી અનુક્રમે બીજા અંકો મૂકવા. - x - x -

## ❀ વર્ગ-૮, અધ્યયન-૯-“પિતૃસેનકૃષ્ણા” ❀
-- x -- x -- x -- x -- x -- x --

● **સૂત્ર-૫૮ :-**

***એ પ્રમાણે પિતૃસેનકૃષ્ણા પણ જાણવી. વિશેષ આ - મુક્તાવલી તપ સ્વીકારીને વિચરે છે. તે આ — (૧) પહેલાં એક ઉપવાસ કરીને સર્વ કામગુણિત પારણું કરે છે, પછી બે ઉપવાસ, સર્વકામ૦ (૨) પછી બે-ત્રણ ઉપવાસ, (૩) પછી બે-ચાર ઉપવાસ, (૪) પછી બે-પાંચ ઉપવાસ, (૫) પછી બે-સાત ઉપવાસ, એ રીતે વધતાં-વધતાં છેલ્લે બે ઉપવાસ, સર્વકામ ગુણિત પારણું અને ૧૬-ઉપવાસ પછી સર્વકામ ગુણિત પારણું કરે છે.***

***આજ ક્રમમાં ઘટતાં ઘટતાં છેલ્લે (યાવત્) એક ઉપવાસ કરે, કરીને સર્વકામગુણિત પારણું કરે છે. એક પરિપાટીનો કાળ ૧૧-માસ, ૧૫-દિવસનો થાય, ચારેમાં ૩-વર્ષ, ૧૦-માસ, બાકી પૂર્વવત્ યાવત્ સિદ્ધ થઈ.***

● **વિવેચન-૫૮ :-**

મુક્તાવલી - સરળ છે. વિશેષ આ — ઉપવાસ, પછી છઠ્ઠથી સોળ ઉપવાસ સુધી. આંતરામાં એક-એક ઉપવાસ. પછી ૧૫ ઉપવાસથી છઠ્ઠ સુધી ઘટતા જવું, આંતરામાં એક ઉપવાસ, છેલ્લે એક ઉપવાસ કરે. ઉપવાસના કુલ દિવસો-૨૮૪, પારણા દિન-૫૯, કુલ-૩૪૩ એટલે ૧૧-માસ અને ૧૩-દિન થશે. [વૃત્તિકાર લખે છે] સૂત્રમાં ૧૫-દિન કેમ છે, તે ન જણાયું.

## ❀ વર્ગ-૮, અધ્યયન-૧૦-“મહાસેનકૃષ્ણા” ❀
-- x -- x -- x -- x -- x -- x --

● **સૂત્ર-૫૯,૬૦ :-**

***[૫૯] એ પ્રમાણે મહાસેનકૃષ્ણા પણ જાણવી. વિશેષ આ - વર્ધમાન આયંબિલ તપ કરતા વિચરે છે, તે આ - એક આયંબિલ, પછી ઉપવાસ કરે. પછી બે આયંબિલ કરીને ઉપવાસ કરે - x - એ રીતે એક-એક આયંબિલ વધતાં-વધતાં છેલ્લે ૧૦૦-આયંબિલ કરીને એક ઉપવાસ કરે. ત્યારે આર્યા મહાસેન કૃષ્ણા આ તપને ૧૪-વર્ષ, ૩-માસ, ૨૦-અહોરાત્ર વડે યથાસૂત્ર યાવત્ સમ્યક્ કાયાથી સ્પર્શીને યાવત્ આરાધીને આર્ય ચંદના પાસે આવ્યા, વંદન-નમન કરીને, ઘણાં ઉપવાસ વડે યાવત્ ભાવિત કરતી વિચરે છે. ત્યારપછી મહાસેનકૃષ્ણા આર્યા, તે ઉદાર તપથી યાવત્ અતિ શોભતી રહી. પછી તે***

*મહાસેનકૃષ્ણા આર્યાને કોઈ દિવસે મધ્યરાત્રિએ સ્કંદકની જેમ વિચાર આવ્યો, યાવત્ આર્યા ચંદનાને પૂછીને યાવત્ સંલેખના કરી, કાળની અપેક્ષા ન કરતા વિચરે છે.*

*તે મહાસેનકૃષ્ણા આર્યા, ચંદના આર્યા પાસે ૧૧-અંગ ભણ્યા, પ્રતિપૂર્ણ ૧૭-વર્ષ પર્યાય પાળ્યો, માસિકી સંલેખનાથી આત્માને આરાધી, ૬૦ ભક્તોને અનશન વડે છેદીને, જે અર્થ માટે ચારિત્ર લીધેલ, તે અર્થને આરાધી છેલ્લા ઉચ્છ્વાસ-નિઃશ્વાસે સિદ્ધ-બુદ્ધ થયા.*

*[૬૦] શ્રેણિકની પત્ની-કાલી આર્યાનો પર્યાય આઠ વર્ષ, એક-એકની વૃદ્ધિ કરતાં છેલ્લી મહાસેન કૃષ્ણાનો પર્યાય ૧૭-વર્ષ થયો.*

**● વિવેચન-૫૯,૬૦ :-**

કાલી આદિનો સાધ્વી પર્યાય કહ્યો. - x - જેની વ્યાખ્યા અહીં નથી કરી, તે જ્ઞાતાધર્મકથાના વિવરણથી જાણી લેવું.

**● સૂત્ર-૬૧ :-**

*હે જંબૂ ! આદિકર, શ્રમણ ભગવંત મહાવીરે - x - આઠમાં અંગ સૂત્ર અંતકૃદ્દશાનો આ અર્થ કહ્યો છે.*

**● સૂત્ર-૬૨ :-**

*"અંતગડદસા" અંગસૂત્રમાં એક શ્રુતસ્કંધ, આઠ વર્ગો છે, તેનો આઠ દિવસમાં ઉદ્દેશો થાય છે. તેમાં પહેલા, બીજા, ચોથા, પાંચમાં, આઠમાં વર્ગમાં દશ-દશ ઉદ્દેશા છે, ત્રીજા, સાતમામાં ૧૩-ઉદ્દેશા, છઠ્ઠામાં-૧૬ ઉદ્દેશા છે. બાકી બધું જ્ઞાતાધર્મકથા મુજબ જાણવું.*

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**અંતકૃદ્દશાંગ સૂત્રનો ટીકાસહિત અનુવાદ પૂર્ણ**

# આગમ સટીક અનુવાદનું વિભાગીકરણ

| આગમનું નામ | ભાગ ક્રમાંક |
| --- | --- |
| આચારાંગ | ૧ અને ૨ |
| સૂત્રકૃતાંગ | ૩ અને ૪ |
| સ્થાનાંગ | ૫ થી ૭ |
| સમવાયાંગ | ૮ |
| ભગવતી | ૯ થી ૧૩ |
| જ્ઞાતાધર્મકથા | ૧૪ |
| ઉપાસકદશા, અંતકૃત્‌દશા, અનુત્તરોપપાતિકદશા, પ્રશ્નવ્યાકરણ | ૧૫ |
| વિપાકશ્રુત, ઔપપાતિક | ૧૬ |
| રાજપ્રશ્નીય | ૧૭ |
| જીવાજીવાભિગમ | ૧૭ થી ૧૯ |
| પ્રજ્ઞાપના | ૨૦ થી ૨૨ |
| સૂર્ય/ચંદ્ર-પ્રજ્ઞપ્તિ | ૨૩,૨૪ |
| જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ | ૨૫ થી ૨૭ |
| નિરયાવલિકા પંચક અને પયન્નાસૂત્રો-૧૦+૧ | ૨૮ |
| નિશીથ, વ્યવહાર, બૃહત્કલ્પ દશાશ્રુતસ્કંધ અને જીતકલ્પ | ૨૯ |
| મહાનિશીથ | ૩૦ |
| આવશ્યક | ૩૧ થી ૩૪ |
| પિંડનિર્યુક્તિ, ઓઘનિર્યુક્તિ | ૩૫ |
| દશવૈકાલિક | ૩૬ |
| ઉત્તરાધ્યયન | ૩૭ થી ૩૯ |
| નંદીસૂત્ર | ૪૦ |
| અનુયોગદ્વાર | ૪૧ |
| કલ્પ (બારસા) સૂત્ર | ૪૨ |